# આપણું યુજીવીસીએલ

અંક-૧૫, એપ્રિલથી જૂન ૨૦૧૨



## યુજીવીસીએલ વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે 'પાવરલાઈન' એવોર્ડથી સન્માનિત...




સાબરમતી ખાતે યોજાઈ સાતમી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટ



સાતમી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસનું પ્રભુત્વ




યુજીવીસીએલ દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી

વર્ષ–૨ અંક–૧૫, એપ્રિલથી જૂન ૨૦૧૨
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. સી. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એસ. એચ. શાહદાદપુરી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. એમ. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**
**cccell@ugvcl.com**

સંકલન : ૨૦/૦૬/૨૦૧૨

# આ અંકમાં

**એવોર્ડ**
યુજીવીસીએલની અથાગ મહેનતનું પરિણામઃ ગોલ્ડ શિલ્ડ એવોર્ડ.......... ૦૪
યુજીવીસીએલ વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ‘પાવરલાઇન’ એવોર્ડથી સન્માનિત.......... ૦૫

**વીજ બચત**
યુજીવીસીએલ અને કોલંબીયા વોટર સેન્ટર દ્વારા પાણી તથા વીજળી બચાવવાનો એક સંશોધનાત્મક પ્રયોગ.......... ૦૬

**સુરક્ષા**
લાઇન સ્ટાફને દરરોજના કામ અંગેની મહત્ત્વની સૂચનાઓ.......... ૦૮

**ગૌરવ**
યુજીવીસીએલ પરિવારનું ગૌરવ.......... ૦૯

**નિવૃત્તિ**
યુજીવીસીએલના વરિષ્ઠ પાંચ અધિકારીઓ સેવાનિવૃત્ત.......... ૧૦

**વિમોચન**
ખર્ચથી બચત તરફ... પાણી, વીજળી અને પૈસા...
ડીવીડીનું વિમોચન કરતા મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ.......... ૧૧

**સ્પોર્ટ્સ**
સાબરમતી ખાતે યોજાઈ સાતમી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટ.......... ૧૨
સાતમી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસનું પ્રભુત્વ.......... ૧૪
ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસનું વર્ચસ્વ.......... ૧૬

**સલામતી**
યુજીવીસીએલ દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી.......... ૧૯

**સત્ય ઘટના**
મનોમંથન.......... ૨૦



**સતત પ્રગતિના પંથે ચાલતાં આપણે સૌ સુરક્ષિત રહીએ અને અન્યને સુરક્ષિત રાખીએ એવી સાવચેતીથી જ મંજિલ સુધી મજબૂત પગલાં માંડી શકીશું. અકસ્માત ટાળવાના અનેક પ્રયત્નો 'સ્વ'એ જ કરવાના હોય છે છતાંય એકબીજાની સુરક્ષા પણ જોતાં રહીએ.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

કાળચક્રને ગીયર હોતો નથી,
બ્રેક હોતી નથી,
એક્સિલરેટર હોતું નથી, અને
રીવર્સ ગીયરનો પ્રશ્ન જ નથી...

**– ગુણવંત શાહ**

તા. ૧-૦૬-૨૦૧૨થી તા. ૭-૦૬-૨૦૧૨ દરમિયાન આપણી કંપની દ્વારા 'વીજ સલામતી સપ્તાહ'ની ઉજવણી અન્વયે કંપનીના લાઇન સ્ટાફની સલામતીને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલાં લેવા અને સુરક્ષાના સાધનોનો ઉપયોગ કરી કામગીરી કરવા ખાસ સંદેશો આપી અનુરોધ કરેલ.

તા. ૧-૦૬-૨૦૧૨થી તા. ૭-૦૬-૨૦૧૨ દરમિયાન કંપનીના કોઇ જ કર્મચારીને કોઇ જ અકસ્માત થયેલ નથી, તે માટે તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું. આ જ પ્રમાણે વર્ષના ૩૬૫ દિવસને 'વીજ સલામતી સપ્તાહ'ની જેમ કાળજીપૂર્વક ઉજવીશું તો આપણે અકસ્માત રહિત કામગીરી કરી કંપની તથા આપણા પરિવારને ખુશહાલ રાખી શકીશું.

વીજ સલામતી નિમિત્તે વધુ આગળ વાત કરતા હું આપને જણાવું છું કે આપણી સલામતી સાથે આપણા ગ્રાહકો તથા પ્રજાની સલામતીને ધ્યાનમાં રાખીને સતત જાગૃતતા કેળવાય તેવા પ્રયત્નો કરીશું તો વીજ સલામતી સપ્તાહની ઉજવણી સાર્થક થઇ ગણાશે.

ભારતના રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપનીઓમાં વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે આપણી કંપનીને 'પાવર લાઇન એવોર્ડ' એનાયત થયેલ છે, જેના માટે યશભાગી એવા આપ સર્વેને હાર્દિક અભિનંદન પાઠવું છું.

આગામી ચોમાસા દરમિયાન ગ્રાહકોને વીજ વિતરણ વ્યવસ્થા અન્વયે વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડવા માટે કટિબદ્ધ રહેવા આપ સર્વેને અનુરોધ કરું છું.

આપની કુશળતા ઇચ્છું છું.

**એન. શ્રીવાસ્તવ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# યુજીવીસીએલની અથાગ મહેનતનું પરિણામઃ ગોલ્ડ શિલ્ડ એવોર્ડ

**યુજીવીસીએલને ગોલ્ડ શિલ્ડ એવોર્ડ મળ્યાનું ગૌરવ છે. કોઇપણ એવોર્ડ પ્રાપ્ત થાય ત્યારે આનંદની અનુભૂતિ તો થાય છે પરંતુ તેની પાછળ કરેલી મહેનત ભૂલી શકાતી નથી. યુજીવીસીએલની મહત્ત્વપૂર્ણ કામગીરી વિશે જાણવું અગત્યનું છે.**

ઉલ્લેખનીય છે કે મિનિસ્ટ્રી ઓફ પાવર એન્ડ સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટીએ દેશમાં પાવર સેક્ટરના વિકાસ માટે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. આ એક્શન પ્લાનમાં પાવર સેક્ટરના વિકાસને વધુ તેજવાન બનાવવા અને વીજ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી વીજ ઉપલબ્ધતાને વધારવા માટેની ચાવીરૂપ પહેલ કરેલી છે.



### આ ચાવીરૂપ પહેલ નીચે પ્રમાણે છે.

» જનરેશન ક્ષમતા વધારવા ગતિ તેજ કરવી

» આર્થિક સ્કેલના લાભ મેળવવા ૪૦૦૦ મેગાવોટ ક્ષમતાવાળા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ લગાવવા.

» મુખ્ય પ્લાન્ટ ઉપકરણ અને બેલેન્સ ઓફ પ્લાન્ટની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારવા પ્રોત્સાહન આપવું.

» ઇન્ટર રીજનલ ટ્રાન્સમિશન ક્ષમતા વધારી નેશનલ ગ્રીડનો વિકાસ કરવો

» પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થાય તે માટે નિરિક્ષણ પદ્ધતિને વધુ મજબૂત બનાવવી.

» સ્થાનિક લોકોને આઇટીઆઇના પ્રોજેક્ટનો વિકાસ કરી કુશળ કામગીરી કરી શકે તે માટે તાલીમ આપવી.

» રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત પ્રત્યેક ગ્રામીણ ઘરમાં વીજળી મળી શકે તેવા પ્રયત્નો કરવા.

» સબ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમને વધુ મજબૂત બનાવવી.

» નવી એપીડીઆરપી સ્કિમની ઓળખ આપવી, આઇટી આધારિત ડેટા સિસ્ટમની રચના કરવી, મીટરિંગ પર ભાર આપવો, એનર્જી ઓડિટ અને એનર્જી એફિશિયન્સી પર ધ્યાન આપવું

» તકનીકી અને વ્યવસાયિક (એટી એન્ડ સી)માં એકત્રિત થતા નુકસાનને ઓછું કરવું

» ઇન્ડિયન સ્માર્ટ ગ્રીડ ટાસ્ક ફોર્સ (આઇએસટીએફ) અને ઇન્ડિયન સ્માર્ટ ગ્રીડ ફોરમ (આઇએસજીએફ)નું વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરનારા જૂથ સાથે બંધારણ નક્કી થયું.

» ઊર્જા ઉત્પન્ન કરવા, વિતરણ કરવા અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા વધારવી.

» ઇલેક્ટ્રિસિટી પ્રોવિઝન એક્ટ ૨૦૦૩ અંતર્ગત રીફોર્મ્સ અને રીસ્ટ્રક્ચરિંગને ફરજિયાત કરવા

» ઊર્જાનો વધુમાં વધુ ઉપયોગ કરવા

**વર્ષ ૨૦૧૦-૧૧ માટે કામગીરી સૂચકાંક**

| એટી એન્ડ સી લોસીસ | ૨૦૦૯-૧૦ | ૨૦૦૧૦-૧૧ | ઘટાડો |
|---|---|---|---|
| | ૧૬.૯૬ ટકા | ૬.૬૩ ટકા | ૬૦.૯૧ ટકા |
| નાણાકીય બદલાવ | કુલ રાજસ્વ (રૂ.કરોડ) | કુલ ખર્ચ (રૂ.કરોડ) | પ્રમાણ (રાજસ્વથી ખર્ચ) |
| | ૫૪૬૩.૬૪ | ૫૫૩૩.૨૨ | ૦.૯૮૭ |

| ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર મીટરિંગ | | | ગ્રાહક મીટરિંગ | | |
|---|---|---|---|---|---|
| ડીટીની સંખ્યા | મીટર થયેલા ડીટી | મીટરના ટકા | ગ્રાહકની સંખ્યા | મીટરવાળા ગ્રાહકો | મીટરના ટકા |
| ૧૨૪૧૨૮ | ૧૦૧૪૬૯ | ૮૧.૭૫ | ૨૫૧૦૧૧૪ | ૨૫૧૦૧૧૪ | ૧૦૦ |

| વીજ સાતત્ય | ફીડર આઉટેજ | | | ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ફેલ્યર | | |
|---|---|---|---|---|---|---|
| | ૧૧ કેવી ફીડરની સંખ્યા | આઉટેજની સરેરાશ સંખ્યા | આઉટેજનો સરેરાશ સમય (કલાકમાં | ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરની કુલ સંખ્યા | બળી ગયેલ ટ્રાન્સફોર્મર | ડીટી ફેલ્યરના ટકા |
| | ૩૪૩૪ | ૨૭.૨૭ | ૧.૨૯ | ૧૨૪૧૨૮ | ૧૧૧૭૧ | ૯.૦૦ |

| | |
|---|---|
| વપરાશ | |
| વિતરણ સિસ્ટમમાં ૧ મેગાવોટ અથવા તેથી વધુ પાવર મેળવતા ગ્રાહકોની સંખ્યા | ૧૧ |
| ગ્રાહકોનું સૂચીકરણ | |
| જીઆઇએસ અંતર્ગત સૂચિબદ્ધ થયેલા ગ્રાહકોની સંખ્યા | ૭૯૭૫૪૦ |

ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન દ્વારા સહેલાઈથી મેળવી શકાય

» પાવર ફાઈનાન્સ કોર્પોરેશન અને રુરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશન દ્વારા પૂરતી રાશિ ગતિશીલ બનાવવી.

### પાવર સેક્ટરમાં ઉત્કૃષ્ટ કામગીરી માટે નેશનલ એવોર્ડ

થર્મલ પાવર સ્ટેશનોમાં તેમની પ્રશંસનીય કામગીરીને ઓળખ આપવા મિનિસ્ટ્રી ઓફ પાવરે વર્ષ ૧૯૮૩માં એવોર્ડ સ્કિમની શરૂઆત કરી હતી. સમય જતાં આવશ્યકતા પ્રમાણે આ સ્કિમમાં કેટલાક ફેરફારો પણ કરવામાં આવ્યાં હતાં. વર્ષ ૨૦૦૪-૦૫માં, મિનિસ્ટ્રી ઓફ પાવર દ્વારા એક વ્યાપક એવોર્ડ સ્કિમ શરૂ કરવામાં આવી હતી જેમાં પાવર સેક્ટરના વિવિધ પાસાં આવરી લેવામાં આવ્યા હતા જેમાં થર્મલ, હાઈડ્રો અને ન્યુક્લીયર જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશનમાં સમયસર




કામગીરી અને મેન્ટેનન્સમાં એવોર્ડ નિર્ધારિત કરી તેમાં હરિફાઈના સ્પિરિટને વિકસાવવા એવોર્ડની શરૂઆત કરી હતી. ગ્રામીણ ક્ષેત્રોમાં ડિસ્ટ્રિબ્યુશન ફ્રેન્ચાઈઝીના પ્રયત્નોને ઓળખી તેને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૦૭-૦૮માં એવોર્ડ શરૂ કરાયો હતો. પર્યાવરણ સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે આ કેટેગરીનો એવોર્ડ વર્ષ ૨૦૦૮-૦૯માં શરૂ થયો હતો જેમાં કોલ અને લિગ્નાઈટ આધારિત થર્મલ પાવર સ્ટેશનની ઉત્કૃષ્ટ કામકીરી સામેલ છે. સર્વાંગી વ્યાપક એવોર્ડ સ્કિમ પાવર યુટિલિટીમાં સંલગ્ન લોકોને તેમની ક્ષમતા અને ઉત્પાદન તેમજ ઉત્તમ પરિણામો માટે આપવામાં આવે તેવી વ્યવસ્થા કરાઈ છે. ■

# યુજીવીસીએલ વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે 'પાવરલાઈન' એવોર્ડથી સન્માનિત...

**ઉત્તર ગુજરાતના છ જિલ્લામાં અને ત્રણ જિલ્લામાં અંશતઃ વીજ વિતરણની કામગીરી કરતી ઉત્તર ગુજરાત વીજ કંપનીએ છેલ્લા સાત વર્ષથી કામગીરી દરમિયાન રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મેળવી વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર કંપની તરીકે સમગ્ર ભારતમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરી ગુજરાતને સતત ગૌરવ અપાવવાનું મહત્ત્વનું કામ કરેલ છે.**



ઉત્તર ગુજરાત વીજ કંપનીને 'પાવર લાઈન એવોર્ડ ૨૦૧૨' પાવર લાઈન મેગેઝિનની પ્રકાશક સંસ્થા દ્વારા રનર્સ અપ સ્થાન માટે આપવામાં આવેલ છે. આ સંસ્થા દ્વારા ઊર્જા ક્ષેત્રની વિવિધ માહિતી આપતા મેગેઝિનોનું પ્રકાશન કરવામાં આવે છે.




સદર એવોર્ડ માટે શ્રી આર. વી. શાહીની જ્યૂરીના ચેરમેન તરીકે તથા શ્રી એચ.એલ.બજાજની સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવેલ. આઈ.ટી.સી મૌર્ય હોટેલ, નવી દિલ્હી ખાતે તા.૧૫.૦૫.૨૦૧૨ના રોજ યોજાયેલ સમારંભમાં ભારત સરકારના ઊર્જા મંત્રાલયના કેબિનેટ કક્ષાના મંત્રી શ્રી સુશિલકુમાર શિંદેના વરદ્ હસ્તે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ અને મુખ્ય ઈજનેર (પીએન્ડપી) શ્રી એ. સી. પટેલને ઉત્તર ગુજરાત વીજ કંપની વતી અર્પણ કરવામાં આવેલ.

તા.૨૨.૦૩.૨૦૧૨ના રોજ ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી ગોલ્ડ શિલ્ડ પ્રાપ્ત કર્યા બાદ ખૂબ જ ટૂંકા ગાળામાં વધુ એક એવોર્ડ પ્રાપ્ત થવાને લીધે સમગ્ર કર્મચારી આલમમાં આનંદની લાગણી ફેલાયેલ છે.

સદર એવોર્ડ ભારતના રાજ્યો હસ્તકની વીજ વિતરણ કંપનીઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ રનર્સ અપ સ્થાને એનાયત કરવામાં આવેલ છે.

એવોર્ડ આપતી વખતે જ્યૂરી દ્વારા વર્ષ ૨૦૦૮-૨૦૦૯થી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમિયાનના દેખાવને ધ્યાનમાં લેવામાં આવેલ છે. જેમાં મહત્ત્વની બાબતો જેવી કે, એટીએન્ડસી લોસ, ખોટમાં ઘટાડો/નફામાં વધારો (મળેલ સબસિડી પ્રમાણે), વીજ વપરાશ/વેચાણમાં વધારો, વીજ વિતરણ અંગેની ભરોસાપાત્રતા (વીજ વિક્ષેપની સંખ્યા/વીજ વિક્ષેપનો સમયગાળો અને સરેરાશ વીજ વિક્ષેપનો ગાળો) તેમજ દર ૧૦૦૦ ગ્રાહકે કેટલા કર્મચારીઓ કામગીરી કરે છે તે ધ્યાનમાં લેવામાં આવેલ છે. ગ્રાહકલક્ષી તથા સરકારલક્ષી અભિગમને સિદ્ધ કરવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવી રહેલ વીજ વિતરણની કામગીરીના લીધે વીજ ગ્રાહકોના કંપની પ્રત્યેના વિશ્વાસમાં ઉત્તરોત્તર વધારો થયો છે. વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલ કામગીરીને લીધે વીજ ગ્રાહકોને (સર્વોત્તમ સેવા થકી સંતોષ) આપવાના ધ્યેયને સિદ્ધ કરવાના પ્રયત્નોને વેગ મળેલ છે. જેના લીધે ઉત્તર ગુજરાતમાં સામાજિક અને આર્થિક જીવન ધોરણમાં નોંધપાત્ર ઊંચું થઈ જવાના ધ્યેયને સિદ્ધ કરવામાં પણ ગતિ મળેલ છે. ■

### ખર્ચથી બચત તરફ... પાણી, વીજળી અને પૈસા...

# યુજીવીસીએલ અને કોલંબીયા વોટર સેન્ટર દ્વારા પાણી તથા વીજળી બચાવવાનો એક સંશોધનાત્મક પ્રયોગ

માનવ જીવન અમુલ્ય છે અને તેથી પણ મુલ્યવાન છે કુદરતી સંપદા... પાણી. આથી જ જળને જીવનની ઉપમાં આવેલ છે. આમ પાણીની બચત કરવી અનિવાર્ય છે. પૃથ્વી પરના જળના સ્રોત પૈકી ભૂગર્ભજળ સૌથી અગત્યનો સ્રોત છે.

ગુજરાતમાં સરેરાશ વરસાદ ૮૩૦ મી.મી જયારે ઉત્તર ગુજરાતમાં ૬૫૦ મી.મી છે. જે અનિયમિત હોવાથી ખેતીવાડી મુખ્યત્ત્વે ભૂર્ગભજળ પર નિર્ભર છે. વરસાદનું વહી જતું પાણી જમીનમાં એકત્ર થાય અને ભૂગર્ભ જળ વધુ ઉંડા ન જાય તે માટે સિંચાઈ માટેના ભૂજળનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે અંગે આપણે સૌએ વિચારવું રહ્યું.

રાજ્યનું કૃષિ ઉત્પાદન મુખ્યત્વે પાણી અને વીજળીની પ્રાપ્યતા અને તેના સંતુલિત ઉપયોગ પર આધારિત છે. ઉતર ગુજરાત કૃષિ ક્ષેત્રે અગ્રેસર છે પરંતુ મહેસાણા જીલ્લાના વિજાપુર તાલુકાના કુકરવાડા વિસ્તારમાં ભૂગર્ભ જળની ઉંડાઈ ૨૫૦ ફૂટની હતી જે હાલમાં ૮૦૦ ફૂટ ની ઉંડાઈએ ઉતરી ગઈ છે અને દર વષે આ સપાટી ૯ થી ૧૦ ફૂટની સરેરાશથી ઉંડી જઈ રહી છે જે ચિંતાજનક બાબત છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અને કોલંબિયા વોટર સેંટર દ્વારા કુકરવાડા વિસ્તારમાં ખેતીની મોસમ આધારિત પાકની વિવિધતા ખેડૂતો દ્વારા અપનાવાતી પિયત પદ્ધતિ અને સિંચાઈ વ્યવસ્થાનું સઘન આર્થિક સામાજિક સર્વેક્ષણ વર્ષ ૨૦૦૮ થી કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટમાં યુજીવીસીએલ તરફથી શ્રી એ.સી. પટેલ, મુખ્ય ઇજનેર (પીપી), શ્રી એચ.એમ. શાહ નાયબ ઇજનેર, શ્રી જી.વી. પટેલ નાયબ ઇજનેર, શ્રી આર.સી. ગઢવી નાયબ ઇજનેર, શ્રી આર.બી. પટેલ, નાયબ ઇજનેર, શ્રી અમિત આર. પટેલ, મેનેજમેન્ટ ટ્રેની અને સીડબલ્યુસી તરફથી ડો. કપીલકુમાર નરૂલા, ડાયરેક્ટરના નેતૃત્વ હેઠળ ટીમ દ્વારા સમગ્ર પ્રોજેક્ટને લગતી કામગીરી હાથ ધરવામાં આવેલ.




સર્વેક્ષણ દરમિયાન એ બાબત સ્પષ્ટ થઈ કે ઊંડા જળ સ્તરની સપાટીના કારણે :

- પાણીમાં ક્ષાર અને ફલોરાઈડના પ્રમાણમાં વધારો થયો
- સિંચાઈ માટે વધારે ઊંડાઈથી પાણી ખેંચવું મૂશ્કેલ બન્યું
- પાણી ખેંચવા માટે વધારે હોર્સપાવરની જરૂરિયાત પડી
- વીજ વપરાશનાં ખર્ચમાં વધારો થયો
- કૃષિ ક્ષેત્રે આવકની સામે ખર્ચ વધવાથી ખેડૂતોના જીવન ધોરણ પર માઠી અસર થઈ
- પ્રતિ વર્ષ એક હેકટર પાકના પિયત માટે સમગ્ર ભારતનો સરેરાશ વીજ વપરાશ ૧૬૦૦ યુનિટની સામે કુકરવાડા વિસ્તારમાં ૧૦૦૦૦ યુનિટનો વીજ વપરાશ છે. જે સરેરાશ રાષ્ટ્રીય વપરાશથી ૬ ગણી વધારે છે.
- આમ કૃષિ ક્ષેત્રે વધતાં જતાં પાણી અને વીજ વપરાશના કારણે સરકાર વીજ વીતરણ કંપની અને વપરાશ કરતાં ખેડૂતો પર આર્થિક ભારણ વધી રહ્યું છે.

આથી જ આર્થિક-સામાજિક સર્વેક્ષણના તારણમાં જળ સ્તરની ચિંતાજનક સ્થિતિ અને વીજ વપરાશમાં થયેલ વધારા પર સૌનું ધ્યાન કેન્દ્રિત થયું.

ખેડૂતો પણ આ અંગે સભાનપણે ઉકેલની શોધમાં હોય તેમ જાણવા મળ્યું અને તેને સાથ અને સહકાર મળ્યો કોલંબિયા વોટર સેન્ટરનો.

ગુજરાત સરકાર, ખેડૂતોના હિત માટે સતત ચિંતિત રહી છે જેના ભાગરૂપે ભૂગર્ભજળનો કાર્યક્ષમ ઉપયોગ કરી ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થાય તે માટે પ્રયત્નશીલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૧ અંતર્ગત ગુજરાત સરકાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અને કોલંબિયા વોટર સેંટરના સંયુકત ઉપક્રમે કુકરવાડા પેટાવિભાગીય કાયેક્ષેત્રમાં આ ત્રિવાર્ષિક પાયલોટ પ્રોજેકટ જળ અને વીજ બચત કરી ખેડૂતની આવક વધારવાની યોજના અમલમાં મૂકવામાં આવ્યો.

ખેડૂતોના હિતમાં પ્રાયોગિક રીતે અમલમાં મૂકાયેલ આ પાયલોટ પ્રોજેકટનો મુખ્ય હેતુ ખેડૂતની ખેતીની આવકમાં વધારો કરવો, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજળીની બચત કરવી તેમજ કોલંબિયા વોટર સેન્ટર દ્વારા

કુદરતી સ્રોત પાણીની જાળવણી અને બચત કરવાના શુભ આશયથી આ વિશેષ પ્રકારનો ત્રિવિધ પ્રોજેક્ટ અમલમાં આવ્યો.

યુજીવીસીએલ અને કોલંબિયા વોટર સેંટરના તજજ્ઞો દ્વારા વિવિધ પાક અને ઋતુ અનુસાર વિગતો મેળવી ખેડૂતો દ્વારા સિંચાઈ માટે વપરાતા પાણી અને તે અનુસાર વીજળીના વપરાશનું વાસ્તવિક ચિત્ર સ્પષ્ટ કરવામાં આવ્યું. કાર્યક્ષમ સિંચાઈ પદ્ધતિ અને અન્ય વીજ બચતના ઉપાયોની જાણકારી ગૃપ મીટિંગો ખેડૂત સભા સેમિનાર અને વ્યક્તિગત સંપર્કથી આપવામાં આવી.

આ યોજના અંતર્ગત પાણી અને વીજળી બચત કરનાર ખેતીવાડી વીજ ગ્રાહકને તેમના વીજળી બીલમાં પ્રોત્સાહક વળતર આપવાની જોગવાઈ કરવામાં આવી જેથી ખેડૂતો પાણીની બચત કરી વીજ વપરાશ ઘટાડી પ્રતિ યુનીટ રૂપિયા ૨.૫૫નું આકર્ષક વળતર સાથે આવકમાં વૃદ્ધિ મેળવી શકે છે.

આ પ્રોજેક્ટ અતર્ગત સુક્ષ્મ પિયત પદ્ધતિ અને ખાતરની ભલામણ, કૃષિ પાકની માહિતી અને જળ બચતની વિવિધ પદ્ધતિ પાણી અને વીજ બચાવવાની જાણકારી ખેડૂતોનો પૂરી પાડવામાં આવેલ.



૧. **ઈરિગેશન ઓપ્ટીમાઈઝેશન ટેંશિયોમીટરનો ઉપયોગ :** પાકનું વધારે ઉત્પાદન મેળવવા માટે જમીનમાં ભેજનું નિયમન થવું જરૂરી છે. પાકમાં પિયત કયારે આપવું અને બે પિયત વચ્ચેનો સમયગાળો કેટલો રાખવો ભેજ માપક યંત્ર ટેંશિયોમીટર દ્વારા જાણી પિયત આપવામાં આવે ત્યારે ઓછા પાણીએ પાકનું વધારે ઉત્પાદન મેળવી વીજળીની બચત કરી શકાય છે.

૨. **ઈરિગેશન એફિશિયન્સી સુક્ષ્મ પિયત પદ્ધતિ :** ઓછા પાણીએ વધારે ગુણવત્તાવાળું ઉત્પાદન મેળવવા માટે સુક્ષ્મ પિયત પદ્ધતિઓ જેવીકે ટપક પદ્ધતિ ફૂવારા પદ્ધતિ રેઈનગન પોરસ પાઈપ વગેરે દ્વારા સિંચાઈના પાણીનો અર્થક્ષમ મહત્તમ ઉપયોગ કરવો.

૩. **ક્રોપ ડાઈવર્સિફિકેશન પાક પરિવર્તન :** પાકને પાણીની જરૂરિયાત અલગ અલગ હોય છે. ઘઉં અને ડાંગર પાકને વધુ પાણીની આવશ્યકતા રહેતી હોય એવા પાકોની જગ્યાએ ઓછા પાણીએ થતા પાક દિવેલાં, કપાસ, રાયડો વાવી શકાય. ઘઉંના પાકમાં વધારે પિયતની જરૂરિયાત વાળી લાંબા ગાળાની જાતો કરતા ટૂંકા ગાળે અને ઓછાં પાણીએ પાકતી ઘઉંની જાત GW ૧૧ કે GW ૧૭૩નું વાવેતર કરવું.

૪. **ટેક્નોલોજી એડવાન્સમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન તકનીકી અગ્રેસરતા અને સંચાર :** કૃષિ અને વીજ વપરાશ ક્ષેત્રે આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ઓછા સમયમાં નવીન માહિતી ખેડૂતો સુધી પહોંચતી કરી તેમની આર્થિક અને સામાજિક ઉન્નતિ લાવવી.

આ પાયલોટ પ્રોજેક્ટમાં યુજીવીસીએલ, કુકરવાડા પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના ૪ ફીડર પર આવેલ ૮૫ ખેતીવાડી ગ્રાહકો સાથે સંલગ્ન ૭૦૦થી વધુ ખેડૂતો જળ અને વીજ બચતના અભિયાનમાં જોડવામાં આવેલ છે.

ભાગ લેનારા ખેડૂતોના વીજ વપરાશમાં થતી બચતની માપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મૂકવામાં આવેલ ઈલેક્ટ્રોનિક્સ મીટરો દ્વારા કરવામાં આવે છે.

તજજ્ઞો દ્વારા બેઝલાઈન અને મીટરમાં નોંધાયેલ વીજ વપરાશની સરખામણી કરી વીજ બચતની ખરાઈ કરવામાં આવી .

પાણી બચતના ઉપાયો યોજીને વીજળીનો કાર્યક્ષમ ઉપયોગ કરનાર પ્રગતિશીલ ખેડૂતોને પ્રોત્સાહક વળતર તેમના વીજ બિલમાં આપવામાં આવેલ છે.



» **'પાણી આપો ત્યારે, જરૂર હોય જયારે'**
» **'મોર ક્રોપ પર ડ્રોપ'**

૧ એપ્રિલ ૨૦૧૧થી ફેબ્રુઆરી ૨૦૧૨ સુધી કાર્યાન્વિત આ સ્કીમમાં જળ બચતના વિવિધ ઉપાયોથી ખેડૂતોને થયેલ ફાયદાની વિગતવાર માહિતી પર એક નજર...

- યુજીવીસીએલ દ્વારા ૧૧,૧૭,૯૮૮ યુનિટ ઓછા ખરીદવાની જરૂર પડી
- પ્રતિ યુનિટ વીજ વળતરની રકમ રૂપિયા ૨.૫૫
- કુલ રૂપિયાનું વળતર રૂપિયા રૂ. ૧૧,૮૫,૮૦૩

પરિણામ સ્વરૂપ રાજ્યનાં વિકાસમાં સહભાગી એવા કુકરવાડાના પ્રગતિશીલ ખેડૂતોએ એકસાથે ત્રિવિધ લાભ મેળવી પાણી, વીજળી અને પૈસાની બચત કરી છે. યુજીવીસીએલ તથા સીડબલ્યુસી દ્વારા અમલી આ પાયલોટ પ્રોજેક્ટના પરિણામોની વ્યાપક અસરો અન્ય ખેડૂતો પર પણ જોવા મળેલ છે.

આમ saved is paid એટલે કે બચાવેલ વીજ બિલ ના પૈસા એજ પ્રોત્સાહક વળતર. આ યોજનાને ખેડૂતો દ્વારા ખૂબ જ હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને સિંચાઈમાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા અંગેની જાગૃતિ સમગ્ર ઉત્તર ગુજરાત અને ગુજરાતના ખેડૂતોમાં લાવવા માટે UGVCL અને CWC દ્વારા જળ અને વીજ બચતનું આ અભિયાન વ્યાપક બનશે તેવી આશા સેવાઈ રહી છે.

વીજળીની બચત થકી પાણીની બચત કરી પૈસા બચાવી અને વધુ ઉત્પાદન થકી સમૃદ્ધિ વધારી ભવિષ્યમાં આવનારા જળ સંકટનો સામનો સૌ સાથે મળી કરવાનું આહવાન કરવામાં આવે છે. ■

# લાઇન સ્ટાફને દરરોજના કામ અંગેની મહત્ત્વની સૂચનાઓ

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તાબા હેઠળની પેટા વિભાગની કચેરીઓમાં કામ કરતા લાઇન સ્ટાફને દરરોજ કામ કરવા અંગેની મહત્ત્વની સૂચના આપવામાં આવેલ છે. આ સૂચનાનો અમલ આપણી કંપની તથા ગ્રાહકોના હિતમાં રહેશે**

- દરેક લાઇન સ્ટાફે સવારે સમયસર પોતાની કચેરીમાં હાજર થઇ, હાજરી પૂરાવી, જુનિયર ઇજનેર/નાયબ ઇજનેર પાસે પોતાનો પ્રોગ્રામ લઇ લેવો.
- લાઇન પર કામ કરવા માટેનાં ઓજારો જેવાં કે પક્કડ, ટેસ્ટર વગેરે સારી સ્થિતિમાં રાખવા.
- લાઇન પર કામ કરવા માટે થાંભલા પર ચઢતાં પહેલાં સલામતી અંગેના પગલાં લઇને અને લાઇન સંપૂર્ણ બંધ છે તેની ચકાસણી કર્યા પછી જ થાંભલા પર ચઢવું.
- લાઇન પર કામ કરતાં પહેલાં લાઇન ડિસ્ચાર્જ કરવાનું અને થાંભલાને અર્થિંગ કરવાનું ધ્યાનમાં રાખવું જેથી અકસ્માત ટાળી શકાય.
- બધાં જ ફિડરો, ટ્રાન્સફોર્મર તથા એલ.ટી. લાઇનનું પેટ્રોલિંગ કરી પેટ્રોલિંગ રીપોર્ટ તૈયાર કરી દેવો જેથી મેન્ટેનન્સ કરવાના દિવસે આયોજનબદ્ધ અને પરિણામલક્ષી કામ થઇ શકે.
- બધા જ ટ્રાન્સફોર્મર સેન્ટર ચેક કરવા તથા સર્કિટ વાઇઝ પીક લોડ લઇ તેની વિગત તૈયાર કરી, તેમાં દર ત્રણ મહિને જરૂરી સુધારા વધારા કરવા.
- ડિસ્ટ્રિબ્યુશન બોક્સમાં કોન્ટેક્ટ, કેબલ અને ફ્યુઝ સારી સ્થિતિમાં છે અને યોગ્ય કેપેસિટીના છે તે તપાસી લેવું.
- નમી ગયેલા થાંભલા સીધા કરવા અને તેનો જરૂરી રીપોર્ટ જે તે સબ ડિવિઝનના નાયબ ઇજનેર અને જુનિયર ઇજનેરને આપવો જેથી પોતાના સબ ડિવિઝન વિસ્તારમાં બધા જ નમેલા થાંભલાને સીધા કરવાનો પ્રોગ્રામ હાથ ધરી કામ કરી શકાય.
- એચ.ટી.એલ.ટી લાઇનને નડતરરૂપ વૃક્ષો અને થાંભલા પર ચઢી ગયેલા વેલા દૂર કરવા.
- લાઇન પરના દરેક થાંભલાનું અર્થિંગ બરાબર હોવું જોઇએ, ઢીલા થઇ ગયેલા વાયરોને ખેંચીને લાઇનને યોગ્ય રીતે રાખવી અને જો કંડક્ટર ખરાબ થયેલો/ખવાઇ ગયેલો માલુમ પડે તો જુનિયર ઇજનેર/નાયબ ઇજનેરને રીપોર્ટ કરીને તેને બદલવાની કાર્યવાહી કરવી.
- ટ્રાન્સફોર્મર સેન્ટર પર લાગેલા કેબલ અને લગ્સ યોગ્ય કેપેસિટીના હોવાં જોઇએ અને જો શક્ય હોય તો જુદી સર્કિટ કરી દેવી જેથી



ઓવર લોડિંગનો પ્રશ્ન નિવારી શકાય.
- નાયબ ઇજનેર/જુનિયર ઇજનેર સાથે મળી દરેક ગામ માટે ગ્રુપ મેન્ટેનન્સ પ્રોગ્રામ બનાવી વારાફરતી બધા જ ગામોને આવરી લેવા.
- આખા મહિના દરમિયાન થયેલા કામની રોજનીશીમાં નોંધેલ વિગતો તથા ઉપરોક્ત મુદ્દામાં સમાવેશ ન થયેલ કોઇ મુદ્દાની વિગતો મહિનાના અંતે નાયબ ઇજનેર કે જુનિયર ઇજનેરને બતાવી રોજનીશીમાં તેમની સહી અચૂક લેવી.

ઉપરોક્ત મુદ્દાઓનો ચોક્કસપણે અમલ કરવો ઉપરાંત લાઇન સ્ટાફ તરફથી કોઇ રચનાત્મક સૂચનો હશે તો જુનિયર ઇજનેર/નાયબ ઇજનેર/ કાર્યપાલક ઇજનેર દ્વારા તેને પણ ધ્યાનમાં લેવામાં આવશે. ■

» જો સ્ટે વાયર તૂટેલો માલુમ પડે તો તેને તરત જ બદલીને ઘાઇ ઇન્સ્યુલેટર લગાડીને વ્યવસ્થિત કરવો.

» લાઇન પરના તૂટી ગયેલા ઇન્સ્યુલેટર બદલવા.

» બધા જ વિલેજ હેલ્પરોએ રોજનીશીમાં એમણે જે લાઇનનું પેટ્રોલિંગ કર્યુ હોય તેની અને રોજબરોજ કરેલા કામોની નોંધ રાખવી.

» દરેક લાઇન સ્ટાફે કામ કરેલ જગ્યા પર જે કંઇ વધેલું મટીરિયલ પડેલું હોય તો તેની નોંધ પણ રોજનીશીમાં કરવી અને તેનો રીપોર્ટ જુનિયર ઇજનેર /નાયબ ઇજનેરને કરવો.

» દરેક વિલેજ હેલ્પરે પોતાના ગામમાં આવેલ દરેક વીજ જોડાણનું પણ ધ્યાન રાખવું અને સમયાંતરે તેના રીડિંગ લઇ તેનો રેકોર્ડ રાખવો.

» વિલેજ હેલ્પરે ગામમાં બદલાયેલ કોઇપણ મીટર બે કે ત્રણ દિવસથી વધુ પોતાની પાસે રાખવા નહીં.

» પોતાના વિસ્તારમાં આવેલા બધા જ સિંગલ ફેઇઝ તથા થ્રી ફેઇઝ મીટરો અને એમ.એમ. બોક્સ સીલ કરેલા હોવા જોઇએ અને જ્યાં હજુ સુધી બોક્સ લગાડેલા નથી ત્યાં તરત બોક્સ લગાવી સિલિંગ થઇ જવું જોઇએ.

» જો લાઇન બેથી ત્રણ વાર ટ્રીપ થાય તો તરત લાઇન પેટ્રોલિંગ કરી પછી જ લાઇન ચાલુ કરવી અથવા ચાલુ થઇ ગયેલ હોય તો પણ પેટ્રોલિંગ કરી લાઇનની ખામી શોધી શટડાઉનના દિવસે રીપેર કરવી અને તેની નોંધ રોજનીશીમાં ચોક્કસપણે કરવી ઉપરાંત તે વિશે જુનિયર ઇજનેર/નાયબ ઇજનેરને અવશ્ય જણાવવું.

» એચ.ટી. લાઇનના દરેક જમ્પર સમયાંતરે શટડાઉનના દિવસે એટેન્ડ કરવા.

# યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**શ્રીમતી આશિતા સ્વપ્નિલ ગુપ્તા**
એમ.બી.એ. (ફાઇનાન્સ), ૬૧.૮૫ ટકા બી ગ્રેડ
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**ચિ. દિપેન**
૫૦ ટકા (એલએલ.એમ. ફાઇનલ)
**વાલી :** શ્રી અવિનાશભાઇ શેઠ,
સનિયર આસિસ્ટન્ટ, સાબરમતી સર્કલ ઓફિસ



**કુ. કૃપા**
૮૫ ટકા (એચએસસી)
**વાલી :** શ્રી રાજુભાઇ આર. ગાંધી,
જુનિયર આસિસ્ટન્ટ
પાટણ, સિટી-૨ સબ ડિવિઝન



**કુ. શ્રેયા**
૮૦ ટકા (એચએસસી)
**વાલી :** શ્રી કલ્પેશભાઈ એમ. પરમાર
સ્ટેનો ટાઇપિસ્ટ,
વિભાગીય કચેરી, ગાંધીનગર



**કુ. મેઘાવી**
૯૫.૦૦ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી સમીરભાઈ બી. શાહ,
જુનિયર પ્રોગ્રામર, મહેસાણા સર્કલ ઓફિસ



**ચિ. જય**
૯૨.૮ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી એમ. આર. મહેશ્વરી,
ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ (બિલિંગ)
વડગામ સબ ડિવઝન ઓફિસ



**કુ. આશ્વી**
૯૧ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી બિપિન કે. પટેલ
ડેપ્યુટી એનજિનિયર, બોપલ ડિવિઝન ઓફિસ



**ચિ. વિવેક**
૮૭.૬૦ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી એન. એમ. જોશી
કંપની સેક્રેટરી, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ,
મહેસાણા



**શ્રીમતી નમ્રતાબેન ચેતનકુમાર મોઢ**
૬૧ ટકા એમએસસી (કેમેસ્ટ્રી)
૫૯ ટકા એમબીએ(ફાઇનાન્સ)
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**કુ. સાલેહા**
૮૭ ટકા (એચએસસી)
**વાલી :** શ્રી મોહમ્મદ ફૈઝલ પોથિગરા
સિનિયર આસિસ્ટન્ટ,
ડિવિઝન ઓફિસ, વિસનગર



**ચિ. બિરેન**
૮૨.૩૦ ટકા (એચએસસી)
**વાલી :** શ્રી વિષ્ણુપ્રસાદ પટેલ
હેલ્પર, મોડાસા, વિભાગીય સ્ટોર



**કુ. નજીફાબાનુ**
૭૭.૫૩ ટકા (એચએસસી, સાયન્સ)
**વાલી :** શ્રી મહંમદયુનુસ ઇપ્રોલિયા
જુનિયર એન્જિયનિયર (સીવીલ),
રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા



**ચિ. અંકુર**
૯૩.૮૦ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી એચ. એસ. તબિયાડ
જુનિયર આસિસ્ટન્ટ (ટાઇપિસ્ટ),
હિંમતનગર સર્કલ ઓફિસ



**ચિ. રાહુલ**
૯૧.૨૦ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી અશોકભાઈ મુલાણી
નાયબ ઇજનેર, વિભાગીય કચેરી, સાબરમતી



**ચિ. કેતુલ**
૮૮.૬૦ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી જિતેન્દ્ર જે. દવે, મીટર ટેસ્ટર,
હાઇ-ટેક મીટર લેબોરેટરી, સાબરમતી



**ચિ. પરાગ**
૮૫ ટકા (ન્યુએસએસસી)
**વાલી :** શ્રી આર.એલ. સીંધી,
જુનિયર આસિસ્ટન્ટ (ટાઇપિસ્ટ),
કલોલ ડિવિઝન ઓફિસ

# યુજીવીસીએલના વરિષ્ઠ પાંચ અધિકારીઓ સેવાનિવૃત્ત

**સેવા નિવૃત્ત થતા શ્રી એ. સી. પટેલ, મુખ્ય ઇજનેર, શ્રી જી. યુ. પ્રજાપતિ, અધિક્ષક ઇજનેર, શ્રી જે. જી પટેલ, કાર્યપાલક ઇજનેર, શ્રી એચ.જી. પરમાર, ડેપ્યુટી સી એ ઓ, શ્રી ડી.એલ. પટેલ, કાર્યપાલક ઇજનેર, વિસનગરને ભાવભરી વિદાય**







તા. ૩૦.૬.૨૦૧૨ના રોજ કંપનીના મુખ્ય ઇજનેર (પી એન્ડ પી) શ્રી એ. સી. પટેલ, શ્રી જી. યુ. પ્રજાપતિ, અધિક્ષક ઇજનેર, શ્રી જે. જી પટેલ, કાર્યપાલક ઇજનેર, શ્રી એચ.જી. પરમાર, ડેપ્યુટી સી. એ. ઓ. અને શ્રી ડી. એલ પટેલ કાર્યપાલક ઇજનેર સેવા નિવૃત્ત થતા તેઓને ભવ્ય વિદાય આપવા માટેનો એક કાર્યક્રમ કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં આવેલ ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર ખાતે યોજવામાં આવેલ, જેમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક તથા વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ અને આઇટી) શ્રી શાહદાદપુરી, વિશેષ મુખ્ય ઇજનેર શ્રી ડી. એસ. દોશી, શ્રી એસ. આર. પટેલ તેમજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારી ભાઇઓ અને બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

કાર્યક્રમની શરૂઆતમાં આસિસ્ટન્ટ મેનેજર (પી. આર.) શ્રી એસ. એ. નાયકે શ્રી એ. સી. પટેલની સંપૂર્ણ કારકિર્દીનો ટૂંકમાં પરિચય આપેલ. શ્રી એ. સી. પટેલે તારીખ ૨૭.૭.૨૦૧૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઇજનેર (પીએન્ડપી) તરીકે પોતાનો કાર્યભાળ સંભાળેલ અને તેઓ શ્રી આર. જી. એન્જિનિયરના અનુગામી બનેલ.

શ્રી પટેલે તારીખ ૨૬.૧૦.૧૯૭૭ના રોજ વિજાપુર વિભાગીય કચેરીમાં જુનિયર ઇજનેર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી વિજાપુર પેટા વિભાગીય કચેરી, લાડોલ પેટા વિભાગીય કચેરીમાં પોતાની ફરજ બજાવેલ. તારીખ ૧૩.૭.૧૯૮૩ના રોજ ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ખાતે નાયબ ઇજનેર તરીકે બઢતી મેળવેલ ત્યારબાદ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાં બદલી મેળવેલ. તારીખ ૮.૮.૨૦૦૦ના રોજ વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનમાં કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી મેળવી વીજ વિતરણ ક્ષેત્રમાં ફરી રાધનપુર વિભાગીય કચેરી ત્યાર બાદ ગાંધીનગર એએલડીસીમાં ફરજ બજાવેલ. તારીખ ૧.૧૨.૨૦૦૮ના રોજ રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ મહેસાણા ખાતે અધિક્ષક ઇજનેર તરીકે બઢતી મેળવેલ. તા. ૨૫.૪.૨૦૧૧ના રોજ વિશેષ મુખ્ય ઇજનેર તરીકે પ્રોક્યોરમેન્ટ ડિપાર્ટમેન્ટમાં બઢતી મેળવેલ. ત્યાર બાદ કંપનીના હિતમાં સાબરમતી ખાતે ખાસ ફરજ પરના અધિકારી તરીકે કાર્યભાર સંભાળેલ.

આમ ૩૪ વર્ષની દીર્ઘ કામગીરી દરમિયાન વીજ ઉત્પાદન તથા વીજ વિતરણ ક્ષેત્રોમાં કામ કર્યા બાદ દરેક કામગીરીમાં ખૂબ ઊંડો રસ દર્શાવી મુખ્ય ઇજનેર તરીકે કાર્યભાર સંભાળેલ. આ ઉપરાંત નિવૃત્ત થતા અન્ય અધિકારીઓની કારકિર્દીના પરિચય આપેલ. શ્રી જી. યુ. પ્રજાપતિ, અધિક્ષક ઇજનેર, શ્રી જે. જી. પટેલ, કાર્યપાલક ઇજનેર તથા શ્રી એચ.જી.પરમાર, ડેપ્યુટી ચીફ એકાઉન્ટ્સ ઓફિસરની કારકિર્દીનો ટૂંકમાં પરિચય આપવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં કંપનીના કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક તથા વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એસ. એચ. શાહદાદપુરીએ એક સાથે ચાર મહત્ત્વના હોદ્દા ઉપરથી નિવૃત્ત થઇ રહેલ કર્મચારીઓનું નિવૃત્તિ બાદનું જીવન સુખ અને શાંતિમય રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરેલ.

પ્રાસંગિક પ્રવચન બાદ નિવૃત્ત થતા અધિકારીઓનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી ડી. એસ. દોશી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.), શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (નાણા) તથા મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમારે પ્રાસંગિક ઉદબોધનમાં નિવૃત્ત થતા અધિકારીઓની કામગીરીની સરાહના કરી તેમની સાથે કરેલ કામગીરીના સંસ્મરણો વાગોળી, નિવૃત્તિ બાદનું તેમનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિમય રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરેલ. શ્રી પરમારે વધુમાં શ્રી એ.સી.પટેલે તેઓની સાથે કરેલ કામગીરીની પ્રશંસા કરી કંપની માટે તેઓશ્રીએ કરેલ મહત્ત્વની કામગીરીઓનો ઉલ્લેખ કરેલ.

ઉચ્ચ અધિકારીઓના પ્રાસંગિક ઉદબોધન બાદ નિવૃત્ત થતા અધિકારીઓનું કંપનીના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ મુખ્ય ઇજનેર શ્રી ડી. સી. પરમારે સન્માનપત્રો અર્પણ કરેલ. શ્રી આર. બી. કોઠારીએ નિવૃત્તિ અંગેના લાભો માટેના ચેકોનું વિતરણ કરેલ. શ્રી એસ.એચ. શાહદાદપુરી, શ્રી ડી. એસ. દોશી, શ્રી આર. એચ. પટેલ, શ્રી એન. એમ. જોશી દ્વારા વિદાય લઇ રહેલ અધિકારીઓને શુકનના પ્રતીકરૂપે ચાંદીના સિક્કા, શ્રીફળ તથા સાકર અર્પણ કરવામાં આવેલ.

નિવૃત્ત થતા મુખ્ય ઇજનેરે પોતાના વક્તવ્યમાં પોતાની કારકિર્દી દરમિયાન સહકર્મચારીઓ દ્વારા આપવામાં આવેલ સહકાર અંગે આભારની લાગણી વ્યક્ત કરેલ. ભૂતપૂર્વ સત્તાધીશો દ્વારા આપવામાં આવેલ પ્રોત્સાહનો અને હકારાત્મક પ્રતિસાદની યાદ અપાવેલ. ઉપરાંત નિવૃત્ત થતા અધિકારીઓએ પોતાના સંસ્મરણો વાગોળી સાથ અને સહકાર આપનારા સહકર્મચારીઓનો આભાર માનેલ.

વિદાય સમારંભને અનુલક્ષીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, સમગ્ર કંપનીમાંથી નિવૃત્ત થતા અધિકારીઓએ તથા કર્મચારીઓએ આપેલ સેવાઓ કંપની યાદ રાખશે, તેઓની ખોટ પૂરવી મુશ્કેલ છે. નિવૃત્તિ બાદના તેઓના જીવન અંગે શુભેચ્છા પાઠવેલ. કાર્યક્રમને અંતે શ્રી આર. એચ. પટેલ, નાયબ મહાપ્રબંધક દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કંપનીના આસિસ્ટન્ટ મેનેજર (પી. આર) શ્રી એસ. એ. નાયક દ્વારા કરવામાં આવેલ. ■

# ખર્ચથી બચત તરફ... પાણી, વીજળી અને પૈસા...

## ડીવીડીનું વિમોચન કરતા મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ






તા.૩૦.૬.૨૦૧૨ના રોજ કંપનીના પટાંગણમાં આવેલ ગુજરાત એનર્જી નોલેજ સેન્ટર ખાતે યુજીવીસીએલ અને કોલંબિયા વોટર સેન્ટર દ્વારા પાણી તથા વીજળી બચાવવાના ભાગરૂપે એક સંશોધનાત્મક પ્રયોગ વીજાપુર તાલુકાના કુકરવાડા ગામ ખાતે અમલમાં મૂકવામાં આવેલ, તેના ફળદાયક પરિણામો તેમજ સંપૂર્ણ યોજનાને દસ્તાવેજી ફિલ્મ તરીકે ડીવીડીના સ્વરૂપમાં કંપનીના કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ, તેનું વિમોચન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા કંપનીના નિવૃત્ત થઇ રહેલ મુખ્ય ઇજનેર (પી એન્ડ પી) શ્રી એ. સી. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી, શ્રી એસ. એચ. શાહદાદપુરી, કાર્યવાહક વિશેષ મહાપ્રબંધક તથા વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ અને આઇટી) તથા કંપનીના ઉચ્ચ અધિકારી અને કર્મચારી ભાઇઓ તથા બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

ગાંધીનગર ખાતે આવેલ ડિજિટલ એગ્રો મીડિયાના સહયોગથી કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ દસ્તાવેજી ફિલ્મમાં કોલંબિયા વોટર સેન્ટર તથા યુજીવીસીએલના સહયોગથી વીજળી અને પાણી બચાવવા માટેના અભિયાનના ભાગરૂપે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૧ અંતર્ગત થયેલ કરાર મુજબ અમલમાં મૂકવામાં આવેલ પાયલોટ પ્રોજેક્ટની સમજુતી આપવામાં આવેલ છે.

ઊંડા જળની સપાટીને કારણે ઊભી થયેલ પરિસ્થિતિ આવરી લેતા આ પ્રોજેક્ટમાં ખેડૂતોને માહિતગાર કરવા માટે જરૂરી ટેન્શિયોમીટરનો ઉપયોગ, સુક્ષ્મ પિયત પદ્ધતિ, પાક પરિવર્તન, કૃષિ અને વીજ વપરાશ ક્ષેત્રે આધુનિક ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ, વગેરેની સમજુતી આપવામાં આવેલ છે. ૧લી એપ્રિલ ૨૦૧૧થી ફેબ્રુઆરી ૨૦૧૨ સુધી કાર્યાન્વિત આ સ્કીમમાં પાણી તથા વીજળીની બચતના ઉપાયોથી ખેડૂતો તથા યુજીવીસીએલને થયેલ ફાયદાની વિગતવાર માહિતી આપવામાં આવેલ છે.

ખેડૂતો માટે ખૂબ જ લાભદાયક આ પ્રોજેક્ટ સમગ્ર ગુજરાતમાં અમલમાં મૂકાય તો વીજ બચત તથા પાણીની બચત દ્વારા એક ક્રાંતિકારી પહેલ થઇ ગણાશે, એમ તજજ્ઞોનું માનવું છે.

આ સમયે ડીવીડીનું નિદર્શન કરવામાં આવેલ કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા પોતાની કામગીરીના ભાગરૂપે અગાઉ યુજીવીસીએલ ન્યૂઝ, અંધકારથી ઉજાસ તરફ, જિંદગી છે કિંમતી અનામત રાખો, અકસ્માતથી સલામ, કંપનીનું ગૌરવગીત બાદ વધુ એ સંસ્કરણ ખર્ચથી બચત તરફ, પાણી, વીજળી અને પૈસા રજૂ કરતા અન્ય વીજ વિતરણ, વીજ ઉત્પાદક તથા વીજ પ્રવહન કંપનીઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પ્રચાર-પ્રસારની કામગીરીમાં અગ્રેસર હોવાનું પ્રતિપાદિત થયેલ છે. હાલમાં કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ દ્વારા **આપણું યુજીવીસીએલ** નામક કર્મચારીઓ માટે ઇ-મેગેઝિન પ્રકાશનનું કામ દર ત્રણ માસે કરવામાં આવે છે, જેમાં કંપનીને લગતી કામગીરી, પ્રવૃત્તિઓ અને કંપનીના કર્મચારીઓના પરિવારજનોની ઉપલબ્ધિઓ રજૂ કરવામાં આવે છે.

વિમોચન પ્રસંગે કંપનીના નિવૃત્ત થઇ રહેલ મુખ્ય ઇજનેર શ્રી એ.સી.પટેલે જણાવેલ કે વીજળી અને પાણીની બચત માટેની આ દસ્તાવેજી ફિલ્મ યુજીવીસીએલ તથા કોલંબિયા વોટર સેન્ટર દ્વારા કરવામાં આવી રહેલ સફળ કામગીરીનું અસરકારક નિરૂપણ કરે છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે પોતાના પ્રતિભાવ આપતાં જણાવેલ કે, વીજળી અને પાણીની બચત માટે અમલમાં મૂકવામાં આવેલ આ કાર્યક્રમ હજી વિસ્તૃત અર્થમાં અમલી થાય તે માટેનો અભ્યાસ કરી વધુ વિસ્તારમાં અમલ કરવાની હિમાયત કરેલ.

વિમોચનના સમગ્ર કાર્યક્રમનું સંચાલન કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશીએ કરેલ જ્યારે આસિસ્ટન્ટ મેનેજર (પી.આર.)શ્રી એસ. એ. નાયકે આભાર વિધિ કરેલ. ■

### આઇસીએઆઇ અમદાવાદ દ્વારા મેનેજિંગ કમિટીમાં વાઇસ ચેરમેન તરીકે ફરીવાર નિયુક્ત થતા શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)

ધ ઇન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાના વેસ્ટર્ન રીજનલ કાઉન્સિલના અમદાવાદ ચેપ્ટરની ૪૭મી વાર્ષિક જનરલ મીટિંગ તા. ૭મી જૂન ૨૦૧૨ના રોજ યોજાયેલ, જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ માટે મેનેજિંગ કમિટીની રચના થયેલ. વર્ષ ૨૦૧૨-૧૩ માટે વાઇસ ચેરમેનપદે શ્રી આર. બી. કોઠારીની પુનઃનિયુક્તિ



કરવામાં આવેલ છે.

વધુમાં શ્રી કોઠારી લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ, મણિનગરમાં વર્ષ ૨૦૧૨-૧૩ માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં નિયુક્ત થયેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની પરિવાર તેઓને અભિનંદન પાઠવી ઉજ્જ્વળ ભાવિ માટે શુભેચ્છા પાઠવે છે. ■

# સાબરમતી ખાતે યોજાઈ સાતમી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટ

**સાતમી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં શૈલેશ નાયક આસિસ્ટન્ટ મેનેજર (પી.આર) સતત ત્રીજીવાર ચેમ્પિયન થયા, મહિલા વિભાગમાં શ્રીમતી દેવીબહેન શાહ પ્રથમવાર ચેમ્પિયન, પુરુષ વિભાગમાં શ્રી જી. એસ વોરા રનર અપ અને મહિલા વિભાગમાં શ્રીમતી જે.બી. કેલા રનર અપ બન્યા છે.**

તારીખ ૧૨ અને ૧૩ મે ૨૦૧૨ના રોજ સાબરમતી વર્તુળ કચેરીના કંપાઉન્ડમાં આવેલ એનર્જી નોલેજ સેન્ટર ખાતે સાબરમતી વર્તુળ કચેરીના યજમાન પદે સાતમી ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટ પુરુષ અને મહિલાઓ માટેનું આયોજન કરવામાં આવેલ.

સદર ચેસ ટુર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં મહેસાણા રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે કોર્પોરેટ કોમ્યુનિકેશન સેન્ટરના આસિસ્ટન્ટ મેનેજર (પી.આર) તથા કંપનીના સ્પોર્ટ્સ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા અને ઇન્ટરનેશનલ ફીડે રેટિંગ ૧૬૫૧ ધરાવતા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ કંપનીના પ્રથમ ક્રમાંકના ખેલાડી સતત ત્રીજા વર્ષે ચેમ્પિયન થયેલ છે જ્યારે શ્રી જી.એસ.વોરા, સિનિયર આસિસ્ટન્ટ થરાદ સબ ડિવિઝન રનર અપ થયેલ છે. તેમજ મહિલા વિભાગમાં ગાંધીનગર વિભાગીય કચેરી ખાતે સિનિયર આસિસ્ટન્ટ શ્રીમતી દેવી બહેન શાહ પ્રથમવાર ચેમ્પિયન બનેલ છે. પાલનપુર વર્તુળ ખાતે સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રીમતી જયશ્રીબહેન કેલા રનર અપ થયેલ છે.




સ્પોર્ટ્સમેન સ્પિરિટના વાતાવરણ વચ્ચે વર્ષ ૨૦૧૨-૧૩ના કેલેન્ડર મુજબની સૌ પ્રથમ યોજાયેલ ભાઇઓ અને બહેનો માટેની ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકના હિંમતનગર, સાબરમતી, મહેસાણા, પાલનપુર અને કોર્પોરેટ ઓફિસના ખેલાડી ભાઇઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લઇને ટુર્નામેન્ટને સફળ બનાવવામાં સહયોગ આપેલ.

જાન્યુઆરી ૨૦૧૨માં યોજાયેલ સ્પોર્ટ્સમીટના કાર્યક્રમ બાદ રમતગમત ક્ષેત્રે આવેલ જાગૃતિના ભાગ રૂપે તમામ સર્કલમાંથી પૂરતી સંખ્યામાં ખેલાડીઓનું પ્રતિનિધિત્વ કરવામાં આવેલ. ઇન્ટર ડિવિઝનની પસંદગી સમયે વધુમાં વધુ સંખ્યામાં ખેલાડીઓએ સ્પર્ધામાં હાજર રહીને ઉત્સાહ દર્શાવેલ છે.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં કંપનીના ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી એસ.એચ. શાહદાદપૂરીની ઉપસ્થિતિએ ખેલાડીઓમાં વિશેષ ઉત્સાહ પૂરેલ. શ્રી એન.આર. મકવાણા, નાયબ







| ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ | | | |
|---|---|---|---|
| ક્રમાંક | કર્મચારીનું નામ | પદ | કાર્યસ્થળ |
| પુરુષો વિભાગ | | | |
| ૧. | શ્રી એસ. એ. નાયક | આસિસ્ટન્ટ મેનેજર (પી.આર.) | રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ |
| ૨. | શ્રી જી. એસ. વોરા | સિનિયર આસિસ્ટન્ટ | થરાદ સબ ડિવિઝન |
| ૩. | શ્રી એચ. આર. નાયક | હેલ્પર | જગુદણ સબ ડિવિઝન |
| ૪. | શ્રી ટી. આર. પાવાગઢી | જુનિયર આસિસ્ટન્ટ | સાણંદ - ૨ સબ ડિવિઝન |
| ૫. | શ્રી એચ. સી. ઠાકર | જુનિયર આસિસ્ટન્ટ | સિદ્ધપુર - ટી સબ ડિવિઝન |
| સ્ટેન્ડબાય ખેલાડીઓ | | | |
| ૧. | શ્રી. એચ. એમ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | પાટણ -૨ સબડિવિઝન |
| ૨. | શ્રી આર. કે. પંડ્યા | જુનિયર આસિસ્ટન્ટ (વીએસ) | ધોળકા સબ ડિવિઝન |
| મહિલા વિભાગ | | | |
| ૧. | શ્રીમતી ડી. યુ. શાહ | સિનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર ડિવિઝન ઓફિસ |
| ૨. | શ્રીમતી જે.બી. કેલા | સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સર્કલ ઓફિસ |
| ૩. | કુ. યુ.એ.દાતણિયા | જુનિયર આસિસ્ટન્ટ (વીએસ) | હિંમતનગર ડિવિઝન ઓફિસ |
| ૪. | કુ. એ. એ. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | બારેજડી સબડિવિઝન |
| સ્ટેન્ડબાય ખેલાડી | | | |
| ૧. | એમ. પી. ભટ્ટ | સિનિયર આસિસ્ટન્ટ | રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ |
| ૨. | જે. એમ. રાઠોડ | સિનિયર આસિસ્ટન્ટ | રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ |

મહાપ્રબંધક પણ હાજર રહેલ.

પ્રાસંગિક પ્રવચનમાં શ્રી શાહદાદપૂરીએ ટુર્નામેન્ટ રમવા આવેલ ખેલાડી ભાઇઓ તથા બહેનેને ટુર્નામેન્ટમાં સફળ થવા માટે શુભેચ્છા પાઠવેલ તેમજ માત્ર ટુર્નામેન્ટ હોય ત્યારે જ નહીં પરંતુ સતત સમયની અનુકૂળતા પ્રમાણે રમત રમતા રહેવા અનુરોધ કરેલ.

રમતનું સ્તર સુધારી ઇન્ટર કંપની ટુર્નામેન્ટ પણ પ્રતિભાશાળી દેખાવ થાય તેવા પ્રયત્નો કરવા પર ભાર મૂકેલ. શ્રી મકવાણા નાયબ મહાપ્રબંધકે ટુર્નામેન્ટની ફાળવણી બદલ કોર્પોરેટ ઓફિસનો આભાર વ્યક્ત કરેલ. હાજર રહેલ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય અને ત્યાર બાદ ચેસની રમત રમીને શ્રી શાહદાદપૂરી તથા શ્રી એન. આર. મકવાણા દ્વારા ટુર્નામેન્ટને ખુલ્લી મૂકવામાં આવેલ.

૧૩મી મે એ યોજાયેલ સમાપન સમારંભમાં પણ શ્રી શાહદાદપૂરીએ હાજર રહીને કર્મચારીઓને પ્રોત્સાહન પૂરૂં પાડેલ. ચેમ્પિયન તથા રનર અપ થયેલ ખેલાડી ભાઇઓ તથા બહેનોને ટ્રોફી તથા ટી-શર્ટ એનાયત કરવામાં આવેલ. હાજર રહેલ તમામ ખેલાડીઓને સાબરમતી સર્કલ દ્વારા મોમેન્ટો આપવામાં આવેલ. શ્રી શાહદાદપૂરીએ ટુર્નામેન્ટના વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી ઇન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં સફળ થવા બદલ શુભેચ્છા પાઠવેલ. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન તથા સમાપન સમારંભનું સંચાલન સહાયક સચિવ શ્રી એસ.એલ. પટેલે કરેલ. આ ટુર્નામેન્ટના સફળ સંચાલન માટે આર્બિટર તરીકે શ્રી સુધીરભાઇ શાહે ફરજ બજાવેલ તેમજ સાબરમતી સર્કલના શ્રી અલ્પેશભાઇ ચૌધરી, શ્રી પ્રફુલ્લ ભંડારી તથા શ્રી ડી. આર. જાનીએ ટુર્નામેન્ટની સફળતા માટે ખૂબ જ જહેમત ઉઠાવેલ. ■





# સાતમી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસનું પ્રભુત્વ





શ્રી આર.સી. પટેલ, કાર્યપાલક ઈજનેર, કલોલના વરદ્ હસ્તે ટ્રોફી સ્વીકારતા મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ

**ભાઈઓ :** **શ્રી કમલ સિંધી, નાયબ ઈજનેર, સિંગલ્સ ચેમ્પિયન, શ્રી એન. શ્રીવાસ્તવ, મેનેજિંગ ડિરેક્ટર, સિંગલ્સ રનર અપ**

**બહેનો :** **શ્રીમતી દિનાબહેન જે. રાવલ, સિનિયર આસિસ્ટન્ટ, ગાંધીનગર, સિંગલ્સ ચેમ્પિયન, કુ. રીનાબહેન જયસ્વાલ, જુનિયર એન્જિનિયર, હિંમતનગર પેટાવિભાગ કચેરી સિંગલ રનર અપ**

તા.૦૯-૦૬-૧૨ના રોજ ઈફકો કલોલ ખાતે રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ મહેસાણાના યજમાનપદે યોજાયેલ સાતમી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસના ભાઈઓ દ્વારા સિંગલ્સ તથા ડબલ્સની તમામ સ્પર્ધાઓ જીતીને ટ્રોફીઓ પ્રાપ્ત કરેલ છે.

આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકની સાબરમતી, હિંમતનગર, મહેસાણા, પાલનપુર અને કોર્પોરેટ ઓફિસના કર્મચારીઓએ ભાગ લઈ સ્પોર્ટ્સમેન સ્પિરિટથી રમીને ટુર્નામેન્ટને સફળ બનાવેલ. સિંગલ ટુર્નામેન્ટની ફાઈનલમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ સાહેબ તથા શ્રી કમલ સિંધી, નાયબ ઈજનેર વચ્ચે રમાયેલ અત્યંત રસાકસ્સીભરી ત્રણ ગેમને અંતે શ્રી કમલ સિંધી વિજયી બનતા સતત પાંચ વખત ચેમ્પિયન ટ્રોફી જાળવી રાખેલ છે.

## બેડમિન્ટન ટુર્નામેન્ટના પરિણામો

### ભાઈઓ સિંગલ્સ

| ક્રમ | નામ | હોદ્દો અને સ્થાન | સિદ્ધિ |
|---|---|---|---|
| ૧. | શ્રી કમલ સિંધી | નાયબ ઈજનેર, કોર્પોરેટ ઓફિસ | ચેમ્પિયન |
| ૨. | શ્રી એન. શ્રીવાસ્તવ | મેનેજિંગ ડિરેક્ટર, કોર્પોરેટ ઓફિસ | રનર અપ |

### ભાઈઓ ડબલ્સ

| ક્રમ | નામ | હોદ્દો અને સ્થાન | સિદ્ધિ |
|---|---|---|---|
| ૧. | શ્રી એન. શ્રીવાસ્તવ<br>શ્રી કમલ સિંધી | મેનેજિંગ ડિરેક્ટર, કોર્પોરેટ ઓફિસ<br>નાયબ ઈજનેર, કોર્પોરેટ ઓફિસ | ચેમ્પિયન |
| ૨. | શ્રી પી. જે. ત્રિવેદી<br>શ્રી પ્રણય વાવડિયા | અધિક્ષક ઈજનેર, કોર્પોરેટ ઓફિસ<br>જુનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ | રનર અપ |

### બહેનો સિંગલ્સ

| ક્રમ | નામ | હોદ્દો અને સ્થાન | સિદ્ધિ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી દિનાબહેન જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ, ગાંધીનગર વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| ૨. | કુ. રીનાબહેન જયસ્વાલ | જુનિયર ઈજનેર, હિંમતનગર ટાઉન સબ ડિવિઝન | રનર અપ |

### બહેનો ડબલ્સ

| ક્રમ | નામ | હોદ્દો અને સ્થાન | સિદ્ધિ |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી શિલ્પાબહેન પટેલ<br>કુ. રીનાબહેન જયસ્વાલ | જુનિયર ઈજનેર, સલાલ સબ ડિવિઝન<br>જુનિયર ઈજનેર, હિંમતનગર ટાઉન, સબડિવિઝન | ચેમ્પિયન |
| ૨. | શ્રીમતી દિનાબહેન જે. રાવલ<br>શ્રીમતી આર. જે. ગોર | સિનિયર આસિસ્ટન્ટ, ગાંધીનગર વિભાગીય કચેરી<br>જુનિયર આસિસ્ટન્ટ, ગાંધીનગર વિભાગીય કચેરી | રનર્સ અપ |





જ્યારે બહેનો માટેની બેડમિન્ટન સ્પર્ધામાં શ્રીમતી દિનાબહેન જે. રાવલ તથા કુ. રીનાબહેન જયસ્વાલ વચ્ચે ફાઇનલ મુકાબલો થયેલ જેમાં દિનાબહેન રાવલે ફાઇનલ જીતીને પોતાની ચેમ્પિયનશીપ જાળવી રાખેલ છે.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્ત, ઇફકોના સિનિયર જનરલ મેનેજર શ્રી શમશેરસિંહ, ઇફકો રિક્રિએશન કલબના પ્રમુખ શ્રી આર. રમણીયા, શ્રી ડી. બી. અવસ્થી, શ્રી એસ. કે. પ્રજાપતિએ ઉપસ્થિત રહીને ખેલાડીઓમાં ઉત્સાહ પૂરેલ. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરેલ. પ્રાસંગિક પ્રવચનમાં ઇફકોના સિનિયર જનરલ મેનેજર શ્રી શમશેર સિંહે ઇફકોના પરિસરમાં પધારેલ તમામ ખેલાડીઓનું શબ્દોમાં સ્વાગત કરી વ્યક્તિના જીવનમાં રમતગમતનું સ્થાન મહત્ત્વનું હોવાનું જણાવી સારો રમતવીર સારો કર્મચારી હોવાનું જણાવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી દ્વારા ઉપસ્થિત કર્મચારીઓનો પરિચય મેળવી સુંદર કેમ્પસ તથા સગવડો પૂરી પાડવા બદલ ઇફકોનો સત્તાધીશોના આભાર માનેલ અને સ્પોટ્ર્સમેન સ્પિરિટથી રમત રમીને આગામી ઇન્ટર કંપની ટુર્નામેન્ટ માટે કંપનીનો સારો દેખાવ થાય તેવી રમત રમવા અનુરોધ કરેલ.

ઇનામ વિતરણ સમારંભમાં વિજેતા ખેલાડીઓને કંપની તરફથી ટ્રોફી તથા ટીશર્ટ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરફથી એનાયત કરવામાં આવેલ જ્યારે સ્પર્ધાના સિંગલ્સના રનર અપ તેમજ ડબલ્સ ચેમ્પિયન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રીને કલોલ વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી આર. સી. પટેલના વરદ્ હસ્તે આપવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ એક ખેલાડી તરીકે સદર ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ જેને લીધે ઉપસ્થિત ખેલાડીઓમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળેલ.




## ઇન્ટર કંપની બેડમિન્ટન ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ ખેલાડીઓની યાદી

**ભાઇઓ**

| ક્રમ | નામ | હોદ્દો | સ્થાન |
|---|---|---|---|
| ૧. | શ્રી એન. શ્રીવાસ્તવ | મેનેજિંગ ડિરેક્ટર | આર એન્ડ સી, મહેસાણા |
| ૨. | શ્રી કે. એસ. સિંધી | ડેપ્યુટી ઇજનેર | આર એન્ડ સી, મહેસાણા |
| ૩. | શ્રી પી. જે. ત્રિવેદી | સિનિયર ઇજનેર (સિવિલ) | આર એન્ડ સી, મહેસાણા |
| ૪. | શ્રી આર. એન. પરમાર | જુનિયર આઇ/ઓ | મહેસાણા કોર્પોરેટ ઓફિસ |
| ૫. | શ્રી પી. પી. પ્રજાપતિ | હેલ્પર | મહેસાણા ઇન્ડ. સબ ડિવિઝન |

**બહેનો**

| ક્રમ | નામ | હોદ્દો | સ્થાન |
|---|---|---|---|
| ૧. | શ્રી ડી. જે. રાવલ | સિનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર ડિવિઝનલ ઓફિસ |
| ૨. | આર. એમ. જયસ્વાલ | જુનિયર ઇજનેર | હિંમતનગર (ટી) સબ ડિવિઝન |
| ૩. | શ્રી એસ. એ. પટેલ | જુનિયર ઇજનેર | સલાલ સબડિવિઝન |
| ૪. | એસ. સી. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર (ટી) સબ ડિવિઝન |

સદર ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ઇફકોના કર્મચારીઓ શ્રી આર. કે. પટેલ, શ્રી સતીશભાઇ ત્રિવેદીએ તથા શ્રી દિલીપભાઇએ મહત્ત્વનો સહકાર પૂરો પાડેલ. તેમજ ટુર્નામેન્ટના રેફરી તરીકે શ્રી ઇરફાનભાઇ મીર તથા તેમની ટીમના સભ્યોએ સહયોગ આપેલ જ્યારે યુજીવીસીએલની સ્પોટ્ર્સ કમિટિના સભ્યો શ્રી જયેશભાઇ રોય, શ્રી રસુલખાન પઠાણ, શ્રી કે. ડી. બારોટ, કલોલના નાયબ ઇજનેર શ્રી નિલેશભાઇ મહેતા અને તેમની ટીમે ટુર્નામેન્ટને સફળ બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવીને કંપનીના સ્પોટ્ર્સ સેક્રેટરી દ્વારા સમગ્ર ટુર્નામેન્ટનું સંકલન કરી ઉદ્‌ઘાટન અને સમાપન સમારંભમાં ઉદ્‌ઘોષક તરીકે ફરજ બજાવેલ. ■

# ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં કોર્પોરેટ ઓફિસનું વર્ચસ્વ

**શ્રી પી. જે. ત્રિવેદી અધિક્ષક ઇજનેર (સિવિલ) ચેમ્પિયન, બહેનોમાં શ્રીમતી એ. એ. ગુપ્તા ચેમ્પિયન, શ્રીમતી એન. ડી. સટોડિયા ટેઇન કોઇટમાં ચેમ્પિયન**

તા.૨૬-૦૫-૨૦૧૨ના રોજ પાલનપુરની શ્રી જી. ડી. મોદી કોલેજ ખાતે પાલનપુર સર્કલ ઓફિસના યજમાનપદે સાતમી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ (ભાઇઓ તથા બહેનોની) તથા ટેઇનીકોટ (બહેનો)નું આયોજન કરવામાં આવેલ. ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણ વચ્ચે યોજાયેલ રોમાંચક સ્પર્ધાઓમાં ટેબલ ટેનિસ (ભાઇઓ)માં શ્રી પી. જે. ત્રિવેદી અધિક્ષક ઇજનેર (સિવિલ) રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ચેમ્પિયન બનેલ છે. જ્યારે સપ્ટેમ્બર માસમાં નિવૃત્ત થનાર શ્રી એચ. આર. દવે, જુનિયર આસિસ્ટન્ટ બોપલ વિભાગીય કચેરી રનર અપ થયેલ છે. બહેનોના વિભાગમાં શ્રીમતી એ. એ. ગુપ્તા, જુનિયર આસિસ્ટન્ટ પાલનપુર વિ.ક.૧ ચેમ્પિયન થયેલ છે. જ્યારે શ્રીમતી માધવીબહેન ભટ્ટ, જુનિયર આસિસ્ટન્ટ હિંમતનગર વર્તુળ કચેરી રનર અપ થયેલ છે. ટેઇની કોટ (મહિલા)માં નીતા સાટોડિયા, જુનિયર આસિસ્ટન્ટ પાલનપુર વર્તુળ કચેરી ચેમ્પિયન થયેલ છે. શ્રીમતી એ. એ. ગુપ્તા જુનિયર આસિસ્ટન્ટ પાલનપુરમાં વિ.ક.૧ રનર-અપ થયેલ છે.

ટેબલ ટેનિસ (ભાઇ-બહેનો) અને ટેઇનિકોટ (બહેનો) માટેની આ ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં કાર્યપાલક ઇજનેર શ્રી એલ.એફ. ડાભી તથા નાયબ ઇજનેર પાલનપુર શ્રી એલ.













**ટેબલ ટેનિસ (ભાઇઓ)ના પરિણામ (સિંગલ)**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | શ્રી પી.જે.ત્રિવેદી, અધિક્ષક ઇજનેર | રજિસ્ટર અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| ૨ | શ્રી એચ. આર. દવે, જુનિયર આસિસ્ટન્ટ | બોપલ વિભાગીય કચેરી | રનર અપ |

**ટેબલ ટેનિસ (ભાઇઓ)ના પરિણામ (ડબલ્સ)**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | શ્રી પી.જે.ત્રિવેદી, અધિક્ષક ઇજનેર<br>શ્રી નિલેશ પી. પટેલ, જુનિયર પ્રોગ્રામર | રજિસ્ટર અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | ચેમ્પિયન |
| ૨ | શ્રી એન. બી. ઝાલા, જુનિયર આસિસ્ટન્ટ<br>શ્રી અંકિત ચાંપાનેરી, જુનિયર ઇજનેર | રજિસ્ટર અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | રનર્સ અપ |

**ઇન્ટર કંપની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| ૧ | શ્રી પી.જે.ત્રિવેદી, અધિક્ષક ઇજનેર | રજિસ્ટર અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| ૨ | શ્રી એચ. આર. દવે, જુનિયર આસિસ્ટન્ટ | બોપલ વિભાગીય કચેરી |
| ૩ | શ્રી એન.પી.પટેલ, જુનિયર પ્રોગ્રામર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |
| ૪ | શ્રી પી. પી. પ્રજાપતિ, લાઇન હેલ્પર | ઇન્ડસ્ટ્રીયલ સબડિવિઝન, મહેસાણા |
| ૫ | શ્રી એન. બી. ઝાલા, જુનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા |















એ. ગઢવીએ હાજર રહી દીપ પ્રાગટ્ય કર્યા બાદ ટુર્નામેન્ટો ખુલ્લી મૂકેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી ડાભીએ કોર્પોરેટ ઓફિસને ટુર્નામેન્ટ ફાળવવા બદલ આભાર વ્યક્ત કરી સ્પર્ધકોને ટુર્નામેન્ટ ખેલદીલીથી રમવા અનુરોધ કરેલ. શ્રી ગઢવીએ અગાઉના જીઇબી અને હાલના કંપની કર્યા બાદ રમતગમતમાં આવેલ બદલાવની નોંધ લઇ હવે કંપની દ્વારા ખાસ કરીને આપણી કંપની દ્વારા રમતગમત ક્ષેત્રે આપવામાં આવી રહેલ પ્રોત્સાહન માટે આદરની લાગણી અનુભવેલ.

સમાપન સમારંભમાં શ્રી એલ. એફ. ડાભી કાર્યપાલક ઇજનેર તથા શ્રી પી. જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર (સિવિલ) ઉપસ્થિત રહીને ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ અને મોમેન્ટોનું વિતરણ કરેલ. ખેલદીલીપૂર્વક રમીને ટુર્નામેન્ટને સફળ બનાવવા બદલ તમામ સ્પર્ધકો અને આયોજકોને શ્રી ડાભી દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ. ૧૯૭૬થી સતત ટેબલ ટેનિસ, બેડમિન્ટન, કેરમ અને ક્રિકેટ જેવી રમતો સાથે સંકળાયેલ શ્રી

**ટેબલ ટેનિસ (બહેનો)ના પરિણામ (સિંગલ)**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી એ.એ.ગુપ્તા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી ૧ | ચેમ્પિયન |
| ૨ | શ્રીમતી માધવીબહેન એસ. ભટ્ટ, જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ | રનર અપ |

**ટેબલ ટેનિસ (બહેનો)ના પરિણામ (ડબલ્સ)**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી માધવી બહેન એસ. ભટ્ટ, જુનિયર આસિસ્ટન્ટ<br>શ્રીમતી નિશાબહેન બી. પટેલ, જુનિયર ઇજનેર | હિંમતનગર સર્કલ ઓફિસ | ચેમ્પિયન |
| ૨ | શ્રીમતી સી. એચ. મોદી સિનિયર આસિસ્ટન્ટ,<br>કુ. એસ. એમ. મકવાણા જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી ૧<br>પાલનપુર આર.એસ | રનર્સ અપ |

**ઇન્ટર કંપની માટે પસંદગી પામેલ યુજીવીસીએલની ટીમ**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| ૧ | શ્રીમતી એ.એ.ગુપ્તા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી-૧ |
| ૨ | શ્રીમતી માધવી બહેન એસ. ભટ્ટ, જુનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૩ | શ્રીમતી નિશાબહેન બી. પટેલ, જુનિયર ઇજનેર | હિંમતનગર સર્કલ ઓફિસ |
| ૪ | શ્રીમતી સી. એચ. મોદી સિનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી-૧ |

**ટેઇનીકોટના પરિણામ (સિંગલ્સ)**

| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ૧ | નીતા સાટોડિયા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સર્કલ ઓફિસ | ચેમ્પિયન |
| ૨ | જે. ટી. પંજવાણી, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી | રનર અપ |

| ડબલ્સના પરિણામ | | | |
|---|---|---|---|
| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
| ૧ | નીતા સાટોડિયા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સર્કલ ઓફિસ | ચેમ્પિયન |
| | શ્રીમતી એ. એ. ગુપ્તા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી ૧ | |
| ૨ | શ્રીમતી મીતા ભટ્ટ, સિનિયર આસિસ્ટન્ટ | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | રનર્સ અપ |
| | કુ. જે.એમ. રાઠોડ, સિનિયર આસિસ્ટન્ટ | | |

| ઈન્ટર કંપની ટેઈનીકોટ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ યુજીવીસીએલ ટીમ | | |
|---|---|---|
| ક્રમ | નામ અને હોદ્દો | કામનું સ્થળ |
| ૧ | નીતા સાટોડિયા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર સર્કલ ઓફિસ |
| ૨ | જે. ટી. પંજવાણી, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી |
| ૩ | એ. એ. ગુપ્તા, જુનિયર આસિસ્ટન્ટ | પાલનપુર વિભાગીય કચેરી ૧ |
| ૪ | ટી. એ. પાઠક, જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર વિભાગીય કચેરી |

એચ. આર. દવે કે જેઓ સપ્ટેમ્બર ૨૦૧૨માં નિવૃત્ત થઇ રહેલ છે તેમનું વિશેષ સન્માન કરીને તમામ સ્પર્ધકો દ્વારા ઊભા થઇને તાળીઓના ગડગડાટથી વધાવી લઇને નિવૃત્તિ બાદનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને તંદુરસ્ત રહે તે માટે શુભકામનાઓ આપવામાં આવેલ. ઉદ્‌ઘાટન એ સમાપન સમારંભનું સંકલન શ્રી સ્નેહલ જોશી, જુનિયર આસિસ્ટન્ટ ગઢ સબડિવિઝને કરેલ. શ્રી ઈદ્રીશભાઇએ ટેબલ ટેનિસ તથા શ્રી કમલેશભાઇ પુરોહિતે ટેઇનીકોટના રેફરી તરીકે સફળ રીતે ફરજ બજાવેલ. પાલનપુર સંકુલના સ્પોર્ટ્સ કમિટિના સભ્યો દ્વારા સમગ્ર ટુર્નામેન્ટનું સફળ આયોજન હાથ ધરેલ. ■

# વિચાર



**નીતા દામજીભાઇ સાટોડિયા**
જુનિયર આસિસ્ટન્ટ, પાલનપુર
વર્તુળ કચેરી (વહિવટ વિભાગ)

વિચાર – વિચાર શબ્દ ઉપર તમને ક્યારેય વિચાર આવ્યો છે ખરો? વિચાર એટલે શું? વિચાર કેવા હોવા જોઇએ? વિચાર કેવા પ્રકારના હોય છે? વિચારથી માણસના સામાજિક, શારીરિક અને માનસિક જીવન પર કેવી અસર થાય છે? તો, ચાલો આજે આપણે આપણા વિચારો પર વિચાર કરીએ.

ટીવીમાં આઇડિયા કંપનીની એક જાહેરાત આવે છે એક આઇડિયા બદલ દે દુનિયા તો આ આઇડિયા એટલે શું? આઇડિયા એટલે વિચાર. એક વિચાર દુનિયા બદલી શકે છે, એક વિચાર પર ઇતિહાસ રચાઇ જાય છે. તો ચાલો આપણે એવા જ એક ઇતિહાસ પર નજર કરીએ.

મહાત્મા ગાંધી આફ્રિકા ગયા ત્યારે અંગ્રેજોએ કાળા કહીને અપમાન કરીને ટ્રેનમાંથી કાઢી મૂક્યા હતા. ત્યારે ગાંધીજીએ વિચાર કર્યો કે હું એક દિવસ અંગ્રેજોને મારા દેશમાંથી જરૂર હાંકી કાઢીશ. અને ગાધીજીએ એ જે વિચાર્યુ તે કરી બતાવ્યું. જો ગાંધીજીએ અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવાનું વિચાર્યુ જ ન હોત તો? તો શું આજે આપણે આઝાદ હોત? જવાબ છે – ના.

ભારતને આઝાદી મળી. તેના મૂળમાં જો કોઇ વસ્તુએ ભાગ ભજવ્યો હોય તો એ છે – ગાંધીજીનો વિચાર. ગાંધીજીના એક વિચારે લાખો લોકોની દુનિયા બદલી નાખી. તેથી જ કહી શકાય એક આઇડિયા બદલ દે દુનિયા.

તો દોસ્તો આ હતો આપણા ભારતનો ઇતિહાસ. અને હવે જોઇએ આપણા યુજીવીસીએલનો ઇતિહાસ

યુજીવીસીએલ દ્વારા જીઇબીથી લઇને કંપનીકરણ સુધીના ૫૦ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર એકીસાથે ૨૫૦ જેટલા કર્મચારીઓએ આનંદ અને ઉત્સાહથી સ્પોર્ટ્સ મીટના કાર્યક્રમમાં ભાગ લીધો. અને સ્પોર્ટ્સ મીટનું ભવ્યાતિભવ્ય આયોજન સફળતાપૂર્વક થયું. જેનાથી આપ સૌ કોઇ માહિતગાર છો જ.

તો આ સ્પોર્ટ્સ મીટનો કાર્યક્રમ યોજાયો તેના પાયામાં જો કંઇ હોય તો એ છે આપણા એમડી સાહેબને આવેલ વિચાર અને આ એક વિચારથી જ યુજીવીસીએલના અનેક ખેલાડીઓની દુનિયા બદલાઇ ગઇ.

જો આપણા એમડી સાહેબને સ્પોર્ટ્સ મીટનો વિચાર જ ન આવ્યો હોત તો? તો શું આટલા અદભૂત કાર્યક્રમનું આયોજન થયું હોત? જવાબ છે – ના.

તેથી જ કહી શકાય કે એક આઇડિયા બદલ દે દુનિયા.

એક વૈજ્ઞાનિક સંશોધન મુજબ માણસને દિવસ દરમિયાન આશરે ૬૦૦૦૦ વિચારો આવે છે. આ ૬૦૦૦૦ વિચારોમાંથી ગાંધીજીને આવેલ વિચાર અને આપણા એમડી સાહેબને આવેલ વિચાર જેવા વિચાર આપણને પણ આવે તો? તો તો પછી આપણી તો દુનિયા જ બદલાઇ જાય. સાથે સાથે બીજાની પણ દુનિયા બદલાઇ જાય.

માટે જ જો તમારે તમારી દુનિયા બદલવી હોય તો સૌ પ્રથમ તમે તમારા વિચારો બદલો અને પછી તેની ઉપર અમલ કરવાનું શરૂ કરો, તમારી દુનિયા જરૂર બદલાઇ જશે.

વિચાર જ સર્વસ્વ છે એવું ન કહી શકાય પરંતુ સર્વસ્વનો આધાર વિચાર જ છે એમ ચોક્કસ કહી શકાય. ■

# યુજીવીસીએલ દ્વારા વીજ સલામતી સપ્તાહની ઉજવણી

તા. ૦૧-૦૬-૨૦૧૨થી તા.૦૭-૦૬-૨૦૧૨ દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ સલામતી સપ્તાહ તરીકે ઉજવવાનો નિર્ણય કરેલ જેને અનુલક્ષીને કંપનીના તાબા હેઠળના પાલનપુર, હિંમતનગર, મહેસાણા અને સાબરમતી સંકુલમાં વિવિધ કાર્યક્રમો વીજ અકસ્માત ન થાય તેની સમજુતી આપવા માટે હાથ ધરવામાં આવેલ.

તા.૦૬-૦૬-૨૦૧૨ના રોજ સાબરમતી સર્કલ દ્વારા અડાલજ ખાતે આવેલ ત્રિમંદિરમાં વીજ સલામતી અંગે કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ જિંદગી છે **કિંમતી અમાનત, રાખો અકસ્માતથી સલામત** તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવેલ **અજવાળા** સીડી નિદર્શન ઉપસ્થિત કર્મચારીઓ તથા તેમના પરિવારજનોની હાજરીમાં કરવામાં આવેલ. સાબરમતી સર્કલના કર્મચારી ભાઇઓ તથા બહેનો દ્વારા વીજ સલામતી અંગેનું એક સાવચેતી એજ સલામતી નાટક રજુ કરેલ.

સદર કાર્યક્રમમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી તથા વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન દેસાઇએ ઉપસ્થિત રહીને કર્મચારીઓમાં ઉત્સાહ પૂરેલ.

કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન દેસાઇ દ્વારા શબ્દોથી અને ત્યાર બાદ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય કરીને કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કાર્યક્રમનો આરંભ કરેલ. ઉદઘાટન સમારંભમાં શ્રી ડી. સી. પરમાર મુખ્ય ઇજનેરે (ઓપરેશન) પોતાના ઉદબોધનમાં જણાવેલ કે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ટેક્નેકલ કર્મચારીઓને હકારાત્મક સંદેશો પહોંચાડવાના પ્રયાસના ભાગરૂપે ખૂબ સારી રીતે વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરવા કરેલ અનુરોધની સરાહના કરેલ અને માત્ર એક અઠવાડિયા માટે જ નહીં















પરંતુ વર્ષના ૩૬૫ દિવસ સુધી વીજ સલામતી અંગે જાગૃત રહેવા કર્મચારીઓને આહવાન કરેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે જણાવેલ કે, નજીકના ભૂતકાળમાં ખૂબ જ ઓછા દિવસ પહેલાં આ કાર્યક્રમની ઉજવણી નક્કી કરવામાં આવી અને કર્મચારીઓએ આ કાર્યક્રમને સુંદર પ્રતિભાવ આપી વિશાળ સંખ્યામાં પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા તેની નોંધ લીધેલ. કર્મચારીઓને સલામતીના સાધનો વાપરવાની ટેવ પાડી કામ કરવા અનુરોધ કરેલ. વીજ વિક્ષેપ વખતે ઉતાવળ કર્યા વિના શાંત ચિત્તે કામગીરી કરવા વિનંતિ કરેલ. કર્મચારીઓમાં વીજ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે માટે આ સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ છે તેવું જણાવેલ. કંપનીના કર્મચારીઓ કંપનીની મહામૂલી મિલ્કત છે. તેઓની સલામતી કંપની માટે ખૂબ જ આવશ્યક હોવાનું જણાવેલ. વીજ સલામતી અંગેનું નાટક શરૂ કરતા અગાઉ કાર્યક્રમના ઉદબોધક શ્રીમતી આશાબહેન ખાલપડે દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો સંદેશ વાંચી સંભળાવવામાં આવેલ. શ્રી એચ. ડી. રાઠોડ, કાર્યપાલક ઇજનેર દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.

પ્રસ્તુત કરવામાં આવેલ વીજ સલામતી અંગેનું નાટક જોઇને કર્મચારીઓ તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ખુશીની લાગણી વ્યક્ત કરવામાં આવેલ. નાટક પૂર્ણ થયા બાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ભાગ લેનાર કર્મચારીઓને અભિનંદન પાઠવી મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

આજ દિવસે કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં

મહેસાણા સર્કલ દ્વારા પણ આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કંપનીના મુખ્ય ઇજનેર શ્રી એ. સી. પટેલના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ. આ પ્રસંગે અધિક્ષક ઇજનેર શ્રી ડી. એસ પટેલ તથા કાર્યપાલક ઇજનેર શ્રી એસ. પી. પટેલ ઉપરાંત વિશાળ સંખ્યામાં કર્મચારી ભાઇઓ તથા બહેનો તેમના પરિવાર સાથે ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી એસ. બી. લિંબાચીયા દ્વારા કરવામાં આવેલ. ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા શ્રી આર. બી. પટેલ તથા શ્રી અજય વખારિયાએ જહેમત ઉઠાવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની કોર્પોરેટ ઓફીસ, મહેસાણા દ્વારા જણાવવામાં આવેલ તે મુજબ તાઃ ૧.૬.૧૨ થી ૭.૬.૧૨ સુધીનું અઠવાડિયું સલામતી સપ્તાહ તરીકે ઉજવવામાં આવ્યું હતું. જેમાં દરેક પેટા વિભાગીય કચેરીઓમાં તાઃ ૧.૬.૧૨થી અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ સાહેબ દ્વારા અપાવેલ સલામતી પ્રતિજ્ઞાની સાથે સાથે અકસ્માત ન થાય તે માટે મેઈન્ટેનન્સ એક્ટિવિટી કરાવવામાં આવી હતી. જેમાં સલામતી માટેના મુદ્દાઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું તથા લાઈન સ્ટાફ મિત્રો કામ પર જતા પહેલા બધા સાધનો સાથે રાખે છે કે નહીં તથા કામ કરતી વખતે સાધનો વાપરે છે કે નહીં તેની ખાસ નોંધ લેવામાં આવી. સાથે સાથે સ્ટાફ મિત્રોને સલામતીની નાનામાં નાની બાબતો તેમજ તેની ગંભીરતા ધ્યાનમાં આવે તે હેતુસર વીજ કામગીરી દરમિયાન જરૂરી સાવચેતી દર્શાવતી વિડિયો સીડીનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. તે ઉપરાંત સલામતીના મુદ્દાઓ અંગેની પત્રિકાઓ ગામડાઓમાં જઈને વહેંચવામાં આવી હતી કે જેથી ગ્રામજનોની અંદર પણ સલામતી અંગે જાગૃતિ આવે.

આ બધા કાર્યક્રમ ઉપરાંત હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા તાઃ ૭.૬.૧૨ના રોજ સલામતી સપ્તાહની પૂર્ણાહુતીના ભાગ રૂપે નલીનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે અધિક્ષક ઇજનેર શ્રી એ.એમ. શાહ સાહેબના અધ્યક્ષ સ્થાને વીજ સલામતી સપ્તાહનો સમાપનનો કાર્યક્રમ પણ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અંદાજીત ૬૦૦ જેટલા કર્મચારી મિત્રોએ હાજરી આપેલ. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન શ્રી ટી.વી.ધરાજીયા સાહેબ (નાયબ ઈજનેર, હિંમતનગર વિભાગીય કચેરી) દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મંચસ્થ મહેમાનોનું ફૂલછડીથી સ્વાગત કરીને મંત્રોના ધ્વનિ-ઘોષ સાથે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને આગળ ધપાવતા શ્રી કે. સી.પુવાર (જુનિયરઆસિસ્ટન્ટ વિભાગીય સર્કલ હિંમતનગર વિભાગીય કચેરી) દ્વારા કંપની ગીત (અમે ઉત્તર ગુજરાત વીજ કંપની.....) રજુ કરીને કંપની પ્રત્યેની લાગણી પ્રગટ કરેલ તથા મુખ્ય મહેમાન શ્રી એમ.આર.પટેલ (કાર્યપાલક ઈજનેર વિભાગીય ક્ચેરી હિંમતનગર) દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનની સાથે વીજ સલામતી અંગેના ખાસ મુદ્દાઓની છણાવટ કરવામાં આવી હતી તે ઉપરાંત





શ્રી યુ.એન.પટેલ (જુનિયર ઈજનેર હિંમતનગર ગ્રામ્ય) અને શ્રી બી.ડી.પટેલ (જુનિયર ઈજનેર હિંમતનગર ગ્રામ્ય) દ્વારા સલામતી અંગેની પાયાની બાબતોનું પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું.

ત્યાર બાદ કાર્યક્રમમાં જિંદગી છે તો બધું જ છે નામનો પ્રાસંગિક નાટક કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવ્યું હતું અને નાટકમાં રહેલ કર્મચારી મિત્રોને એક એક મોમેન્ટો ભેટ આપવામાં આવી અને અંતમાં શ્રીમતી નીશાબેન બી.પટેલ (જુનિયર ઈજનેર, વિભાગીય કચેરી, હિંમતનગર) દ્વારા મંચસ્થ મહેમાનો, અધિકારીઓ તથા કર્મચારીઓની આભારવિધિ કરીને કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી. ■

# મનોમંથન

## (એક સત્યઘટના)

નાનો પપ્પુ અને ઢિંગલી પિંકી આજે વહેલાં જાગી ગયાં, કાલથી નવરાત્રિ શરૂ થાય છે. શેરીમાં બધા ભાઇબંધોના રંગીલા આવી ગયા છે. પપ્પા પાસે આજે એમણે પણ રંગીલા મંગાવવા છે. આંખો ખુલતાં બંને બાથરૂમના દરવાજાની સામે આસન જમાવી પપ્પાના બહાર નીકળવાની રાહ જોતાં એક ઉમંગ સાથે બેસી ગયાં છે.

મંજુલા જગદીશની પત્ની જગદીશ માટે રસોડામાં ચા બનાવી રહી છે, સાથે ટિફિન પણ. એના હૈયે પણ ઉમંગ અને પગમાં નવરાત્રિનો થનગનાટ છે. મા જગદંબાની આરાધના સાથે આનંદ અને ઉલ્લાસના ઉત્સવની આવતી કાલથી એક હેલી ચઢશે. પૂરા નવ દિવસ ઉરમાં આનંદ અને આંખોમાં સપના રહેશે કારણ જગદીશ જેવો પ્રેમાળ અને ઉત્સાહી પતિ છે, ફૂલ જેવાં કિલ્લોલ કરતાં બે બાળકોનો એક હર્યોભર્યો, સુખી અને આનંદિત નાનો પરિવાર છે. દુઃખની નાની સરખી લહેરખીનો કોઇ ભાવ એના જીવનમાં નથી એનો એને સંતોષ છે. મંજુલા જેટલો પ્રેમ જગદીશને અને બાળકોને કરે છે એનાથી અનેક ગણો પ્રેમ જગદીશ પોતાના પરિવારને કરે છે. નોકરીથી આવતાં જગદીશને મોડું થાય તો પણ એને છોડીને મંજુલા ક્યારેય જમી નથી. નાનો પપ્પુ અને પિંકી પણ પપ્પાની થાળીમાં જ જમવાની જીદ કરે છે.

આજે ચા બનાવતાં મંજુલાના મનમાં એક વિચાર આવીને તરત ઊડી ગયો તેની સાથે જ એના શરીરમાંથી એક લખલખું પસાર થઇ ગયું. એ મનોમન પ્રાર્થી રહી 'પ્રભુ મારા પરિવારને કોઇને નજર ના લાગી જાય.'

જગદીશે બાથરૂમનો દરવાજો ખોલ્યો કે તરત જ બંને બાળકો એને વળગી પડ્યાં. બંનેને જગદીશે તેડી લીધાં, ''કેમ બેટા આજે વહેલાં ઉઠી ગયાં?'' જગદીશે પૂછ્યું.



**આર. બી. પટેલ,**
નાયબ ઇજનેર,
મહેસાણા

બંને બાળકો બોલ્યાં, ''પપ્પા કાલથી નોરતાં શરૂ થાય છે, અમારા માટે રંગીલા લેતા આવજો.''

મંજુલા રસોડાના દરવાજામાં ઊભી ઊભી સાડીના છેડાથી હાથ લુછતી સંતોષસભર હૈયે પિતા અને બાળકોના વાત્સલ્યને નિહાળી રહી.

''સારું બેટા મારે આજે ઓફિસ જવાનું છે ત્યાંથી હું તમારા બંને માટે રંગીલા લેતો આવીશ.''

''મંજુ તારે કંઇ લાવવું છે?'' ચા પીતા પીતા જગદીશે પૂછ્યું. મંજુલા ટિફિન ભરતાં ભરતાં આંસુ ભરેલી આંખે બોલી, ''તમારી નોકરી જ એવી છે કે સાંજે ઘેર ના આવો ત્યાં સુધી મનમાં સતત એક ડર રહ્યા કરે છે એટલે તમે આવી જાઓ એ જ મારી મોટી ભેટ છે.''

જગદીશ નફીકરું હસ્યો, ''આ તો અમારે રોજનું થયું.'' કહીને મંજુલાના ગાલ પર હળવી ટપલી મારી ટિફિન લઇ વિદાય થયો.

જગદીશ વિલેજ હેલ્પર છે, આજે એને સાહેબે ઓફિસમાં બોલાવ્યો છે.

ઘરની બહાર નીકળતાં જ આંગણામાં નવરાત્રિ મંડળના આગેવાનો મળ્યા. જગદીશને મળવા જ આવ્યા હતા. તેઓએ કહ્યું, ''જગદીશભાઇ આ સાલ પણ નવરાત્રિ મંડપનું સિરીઝનું વાયરિંગ ક્યારે કરી આપશો?''

''હું સાંજે નોકરીથી પાછો આવું ત્યારે રાત્રે કરી દઈએ, રાત આપણા બાપની જ છે ને!'' જગદીશે ઉત્સાહથી જવાબ આપ્યો. જગદીશ ગામના દરેક કાર્યમાં એટલા જ ઉત્સાહથી જોડાય છે. ગામના કામમાં તેણે ક્યારેય ના પાડી નથી. આ ગામનો નથી છતાંય એ ગામનો લાડકો દીકરો બની ગયો છે.

જગદીશ ઓફિસે પહોંચ્યો. ઓફિસમાં પણ સાહેબોનો અને સાથી કર્મચારીઓમાં એ પ્રિય છે, એની કર્મનિષ્ઠા અને મીલનસાર સ્વભાવથી.

અન્ય ત્રણ કર્મચારીઓ સાથે એને કામનો પ્રોગ્રામ મળ્યો. એક ફીડર ફોલ્ટમાં છે એનો ફોલ્ટ દુરસ્ત કરી ફીડર ચાલુ કરવાનું છે. ટીમ ઓફિસથી રવાના થઇ. ફીડરની લાઇન ક્લીયર લીધી. પેટ્રોલિંગ ચાલુ કર્યુ. લાઇન જોતાં જગદીશની ચકોર નજરે ફોલ્ટ શોધી કાઢ્યો. શેકલ પોલ ઉપર જંપર બળીને ચેનલ ઉપર પડ્યું છે. જગદીશ કોઇની પણ રાહ જોયા સિવાય શેકલ પર ચઢ્યો. અન્ય કર્મચારીઓ નીચે ઊભા રહી જોઇતી મદદ કરી રહ્યા છે. જગદીશે ઉપર ચઢી બળેલું જંપર દૂર કર્યુ. લાઇનનો વાયર હાથમાં પકડ્યો, બીજું નવું જંપર વાયર સાથે મૂકી બાઇન્ડિંગ કરવાની શરૂઆત કરી, અચાનક જગદીશના મોંમાંથી ભયાનક ચીસ નીકળી. ક્યાંકથી રીટર્ન પાવર આવ્યો, જગદીશ સખત રીતે દાઝી ગયો, હાથ છૂટી ગયા, નીચે પટકાયો, શરીરમાંથી ધૂમાડા નીકળી રહ્યા હતા, જગદીશ કણસી રહ્યો છે. સાથી કર્મચારીઓ બેબાકળા બની ગયા. જગદીશનો શ્વાસ રુંધાવા લાગ્યો. આંખો આગળ મોત ભમવા લાગ્યું, પ્રેમાળ પત્ની અને વહાલસોયાં બાળકો યાદ આવી ગયાં. ''થોડી જ ક્ષણોનો મહેમાન છું, બાળકો અને પત્નીને પણ નહીં મળી શકું.'' એવા વિચાર માત્રથી મન તીવ્ર વેદનાથી ભરાઇ ગયું.

જગદીશ નિઃસહાય બનીને વિચારી રહ્યો, ''કોણ લાવી આપશે હવે બાળકોને રંગીલા?'' અનાથ બાળકો અને સેંથામાં સિંદુર વિનાનો નિરાધાર અને નિસ્તેજ મંજુનો ચહેરો જગદીશની આંખોમાં તરવરી રહ્યો. ''કાશ ઉતાવળે થાંભલે ચઢતાં પહેલાં અર્થિંગ કરીને ચઢ્યો હોત તો આવું ના બનત.'' એવી બુદ્ધિની દલીલ ખૂબ મોડી પડી અને અફસોસની લાગણી સિવાય હવે જગદીશ કંઇ કરી શકે તેમ નથી. મોતને ઠેલવા ઝઝૂમતો રહ્યો. સાથી કર્મચારીઓ પણ તેને બચાવવા સતત મથતા રહ્યા પણ મોત બે ડગલાં આગળ નીકળી ગયું.

હવે એ જગદીશ નથી, એ નિઃચેતન લાશ બની ગયો છે. કંપનીએ એક સંનિષ્ઠ અને કર્મઠ કર્મચારી ગુમાવ્યો, એ જગ્યા તો બીજા કર્મચારીથી ભરાઇ જશે પણ ક્યાંક એવી જગ્યા પડી ગઇ જે ક્યારેય નહીં ભરાય.

હવે અધિકારીઓએ ખૂબ જ મુશ્કેલ કામ પાર પાડવાનું છે. જગદીશ વિનાના જગદીશને એના પરિવારને સોંપવાનો છે.

અધિકારીઓ અને કર્મચારીઓ નિઃપ્રાણ જગદીશને લઇને વિશાદ ભરેલા મને કંપનીની જીપમાં જગદીશના ઘર તરફ રવાના થયા. જીપ કોઇ ભેંકાર દિશામાં ધકેલાઇ રહી છે. વાચા હણાઇ હઇ છે બધાની. જીપ પૈડાંમાં મણ મણના પથ્થરો બાંધ્યા હોય તેમ મહાપ્રયત્ને રસ્તો કાપી રહી છે. ''શું જવાબ આપીશું જગદીશની પત્નીને – હવે વિધવાને અને બાળકોને?''

ગામ આવ્યું, જે થાંભલા પર ચઢી જગદીશ કામ કરતો એ બધા જ આજે જીપને વિશાદથી તાકી રહ્યા છે. જગદીશની રાહ જોતો એ નવરાત્રીનો મંડપ, મિત્રો સાતે રાત્રે બેસતો એ ગામનો ચોરો, જગદીશને જોઇ વહાલ કરતાં કુતરાઓનું ભેંકાર રૂદન બધું જ ચીરી જીપ જગદીશના ઘર આગળ પહોંચી. આંગણામાં રમતાં બાળકોએ જીપ જોઇ અને તેને ઓળખી ગયા. આનંદની કીકીયારી સાથે બંને બાળકો જીપ તરફ દોડ્યાં.

''પપ્પા આવ્યા અને રંગીલા લાવ્યા.''

''શું આપ્યું આપણે બાળકોના હાથમાં? રંગીલા કે પપ્પાની લાશ?''

જગદીશની લાશ આપણને બધાને કહી રહી છે, ''કેટલા જગદીશોને આ રીતે મોતના મુખમાં ધકેલવા છે હજી? કેટલી મંજુલાઓને વિધવા બનાવવી છે હજી? કેટલા પપ્પુ અને પિંકીને અનાથ બનાવવા છે હજી?'' ■

## કાવ્યધારા

એક્વીસમી (૨૧મી),
સહુના મનમાં વસી,
જીવનમાં જોમ,
જુસ્સોભરી હસી,
કહે
ખંખેરો ચિંતા, હતાશા,
ઉતરો મેદાને,
જુઓ જણાશે નવો તરવરાટ,
થનગનાટ,જીવંતતા અને ખુશી,
એક્વીસમી
તુ મનમાં વસી.
I Knew,
at this age,
I am fit,
Sports Meet
you are Hit.

---

**J.K.Chauhan,**
Sr.Asstt. Himatnagr Circle Office



જો હેન્ડગ્લોવ્ઝ પહેર્યા હાથે
અર્થિંગ રોડ અને
સેફ્ટિબેલ્ટ હશે સાથે
તો સલામતી તમારી સદા સંગાથે,
આફત કદી ના આવે
પરિવાર માથે.

સલામતીના સાધનોનો
તથા સુરક્ષાના નિયમોનું
પાલન કરી કામગીરી કરીશું
તો કંપની તથા પરિવારને
ખુશહાલ રાખી શકીશું

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

**આપણું**
**યુજીવીસીએલ**

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.


cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com